
આ સર્વ સુમધુર
પુષ્પોની સુવાસ એટલેજ...

# અધ્યાત્મ

વર્ષ : ૧૭

જૂન–૧૯૯૬

અંક : ૯



## * સત્યની સાધનાના સાધકે રાખવાની સાવચેતી *

સત્યશોધકે કોઈનીય શેહમાં તણાયા વિના, કોઈ પણ વ્યક્તિ કે ગ્રંથવચનથી ચલિત કે પ્રભાવિત થયા વિના પોતાના હૃદયનાં અનુભવબારણાં બહારના વધારે ને વધારે અનુભવરૂપી પ્રકાશવાયુને માટે ઊઘાડાં રાખીને આગળ વધવું જોઈએ. લૌકિક વસ્તુવૈભવ કરતાં સત્યનું મૂલ્ય ને સત્યનો મહિમા મોટો છે એમ સમજી લઈ, લૌકિક પદાર્થોના પ્રલોભનચક્રમાં ફસાઈ જઈ તેણે સત્યથી છૂટાછેડા લેવાની રીત કદાપિ વિચારવી કે અપનાવવી ન જોઈએ. આ ઉપરાંત, સત્યશોધકની ધીરજ અનંત હોવી જોઈએ; કેમ કે સત્યની સાધના કાંઈ એકબે ક્ષણનો ખેલ નથી. તેને માટે તો સમગ્ર જીવનને પણ હોડમાં મૂકવું પડે, ને કેટલીક વાર કેટલાંક બીજાં જીવન પણ કુરબાની કરવાં રહે. એટલે સતત્યને પામવા ને રજૂ કરવા આ બધા જ ગુણો જરૂરી છે. શ્રીકૃષ્ણ ને વ્યાસમાં આ બધા જ ગુણ હતા. તેથી તો તેમનું સત્યદર્શન સારાય સંસારને ચકિત કરી રહ્યું છે ને પ્રેરણા પણ પૂરી પાડે છે. તેને ઝીલવા માટે તેવી જ યોગ્યતા મેળવવા પ્રયાસ કરવો જોઈએ. બાકી તો ઈશ્વર સર્વસમર્થ છે. તેને શરણે જવાથી બુદ્ધિમાં સત્યવિચારનો પ્રદીપ પણ તે જ પ્રકટાવે છે. એ ભાવના ને શ્રદ્ધાથી તેનું શરણ લઈને ગીતાનો સંદેશ સમજવાનો પ્રયત્ન કરતા રહીએ.

યોગેશ્વરજી

# અધ્યાત્મ

આધ્યાત્મિક વિકાસની નવી જ ક્ષિતિજ ખોલતું ગુજરાતી માસિક
છૂટક નકલ ૪–૦૦ વાર્ષિક લવાજમ દેશમાં રૂા. ૧૫–૦૦
વિદેશમાં રૂા. ૨૦૦–૦૦ (વિમાનથી)

- સંસ્થાપક પ. પૂ. યોગેશ્વરજી સર્વમંગલ ચેરીટિબલ ટ્રસ્ટ (રજી. અમદાવાદ).
- તંત્રી–સંપાદક શ્રી નારાયણ હ. જાની.
- સહસંપાદકો શ્રી નાનુરામ દુધરેજીયા, શ્રી મણિભાઈ સી. શાહ.
- પ્રકાશન અને પ્રાપ્તિસ્થાન 'અધ્યાત્મ' પ્લોટ નં. ૧૬૮૮ બી. સરદારનગર, ભાવનગર–૧
- તંત્રી, મુદ્રક અને પ્રકાશક નારાયણ હ. જાની. ફોન ૪૨૫૮૧૧
- મુદ્રણસ્થાન રાધેશ્યામ પ્રિન્ટીંગ પ્રેસ, ૫૩/૫૪ સી ૧, બોરડીગેટ, ભાવનગર–૧.

### લેખકોને નિમંત્રણ

- અધ્યાત્મમાં લેખો, ભજનો કે ગીતો મોકલાવવા લેખકોને નિમંત્રણ છે. અધ્યાત્મની ભાવનાને અનુરૂપ જ લેખો સ્વીકારવામાં આવશે.
- લખાણ કાગળની એક બાજુ ને સારા મોટા અક્ષરે લખેલું હોવું જરૂરી છે. બીજાં સામયિકોમાં પ્રસિદ્ધ થયેલ લેખોની નકલો ન મોકલાવવા વિનંતી છે.

### 'અધ્યાત્મ' અંગે સૂચનો

- ગ્રાહકોને ગ્રાહક નંબર સરનામા સાથે લખવામાં આવે છે તે નોંધી લેવો.
- 'અધ્યાત્મ' જો આપને ગમ્યું હોય તો આપના પરિચિત વર્ગમાં તેના ગ્રાહકો વધે તેવું આપ કરતાં રહેશો.
- 'અધ્યાત્મ' દર માસની ૧૭ તારીખે પ્રસિદ્ધ થશે. કોઈ કારણે એકાદ અઠવાડિયા સુધી અંક ન મળે તો સ્થાનિક ટપાલ કચેરીમાં તપાસ કર્યા પછી અત્રે જણાવવું. સિલિકમાં હશે તો જરૂર મોકલી આપશે.
- પત્રવ્યવહાર કરતી વખતે ગ્રાહક નંબર લખવાથી વધુ સરળતા રહેશે.
- 'અધ્યાત્મ' અંગે કોઈ સૂચનો કરવાના હોય તો નિઃસંકોચ કરવા અનુરોધ છે.
- દર મહિનાની તા. ૧૫ સુધીમાં જે ગ્રાહકોનાં નામ અત્રે મળી જશે, તેમને તા. ૧૭ મી એ અંક રવાના કરવામાં આવશે.

## અનુક્રમણિકા


| | | |
|---|---|---|
| શ્રી યોગેશ્વર કથામૃત | મા સર્વેશ્વરી | ૩ |
| શ્રી મધુબેનને શ્રદ્ધાંજલિ | તંત્રી | ૧૨ |
| ઈશ્વર સાન્નિધ્યની સાધના | યશસ્વીભાઇ ય. મહેતા | ૧૫ |
| કેવી ધન્યતા ! | પિનાકીન ના. જાની | ૧૮ |
| પ્રેમાંજલ–પૂ. યોગેશ્વરજીને | સુરેશ શાહ | ૧૯ |
| સુખ–દુઃખ | ડો. રણજિત પટેલ (અનામી) | ૨૧ |
| શ્રીમદ્ ભાગવત વિમર્શ | ભાગવતાચાર્ય જનાર્દનભાઇ દવે | ૨૩ |
| દેવહૂતિ | કનૈયાલાલ જોશી | ૨૭ |
| આધ્યાત્મિકતા એક વાસ્તવિક અનુભૂતિ | નારાયણ હ. જાની | ૩૩ |
| ઉપનિષદોમાં વ્યક્ત થતી શાન્તિ ભાવના (૧) | ડો. ધર્મેન્દ્ર મ. માસ્તર (મધુરમ્) | ૪૧ |
| શ્રી સંત–શ્રીઇંદિરાદેવી | ઝિંઝુવાડિયા કનૈયાલાલ | ૪૮ |
| પ્રસંગ | મણિભાઇ શાહ | ૫૬ |
| વિચારકણિકા | શ્રીરવિન્દ્રનાથ ઠાકુર | ૫૭ |
| કોઇ મારગ તો બતાવો ! | પરમાર્થી | ૫૮ |
| રામકથા | યોગેશ્વરજી | ૫૯ |




# અધ્યાત્મ

**વરદ હસ્ત પ્રભુ તમારો, સદાય રહેજો જીવન સહારો**

—મા સર્વેશ્વરી


વર્ષ : ૧૭ જૂન–૧૯૯૬ અંક : ૯


## શ્રી યોગેશ્વર કથામૃત

**મા સર્વેશ્વરી**

**તા. ૧૧–૫–૮૧, સોમવાર, વૈશાખ સુદ આઠમ, ૨૦૩૭, સ્થળ : કપૂરા**

નિયમ પ્રમાણે પૂ. શ્રીનું નિત્યકર્મ શરૂ થયું છે. સ્નાન, વ્યાયામ, લેખન ચાલી રહ્યું છે. સર્વેશ્વરી બહાર વાડામાં ડાયરીનું લેખન કરે છે. વળી વચ્ચે વચ્ચે થોડી વાતો પણ કરે છે, કારણ કે આ ગામની બે શ્રદ્ધાળુ બેનો (આશા અને લતા) આવીને બેઠાં છે. સાડા અગિયારે ભોજન લઇ બાર વાગે મુલાકાત શરૂ થાય છે.

આજે શ્રી સુશિલાબેન પૂ. શ્રીનું જ એક ભજન પૂ. શ્રીની સૂચનાથી ગાય છે. શબ્દો નીચે મુજબના હતા :

'સમર્થ ખૂબ કહાવો તમે, સમર્થ ખૂબ કહાવો' ત્યારબાદ સર્વેશ્વરી પૂ. શ્રીની સૂચનાથી રોજનીશીનો એક દિવસ વાંચી

સંભળાવે છે. વળી તલોદમાં પૂ. શ્રીએ જે ખીચડી બનાવેલી તે પ્રસંગ પણ કહી સંભળાવે છે. ત્યાં જ પોણો કલાક મુલાકાતનો થઇ પણ ગયો.

પછી થોડા પ્રશ્નો પૂછાયા, જે નોંધને યોગ્ય ન હતા, કારણ કે અગાઉની નોંધોમાં આવી ગયા હતા.

ત્યારબાદ એક યોગના અભ્યાસી પૂ. શ્રીનું માર્ગદર્શન મેળવે છે. આદિવાસી હોવા છતાં જ્ઞાન અને વાચન વિશેષ હતું. સમય પૂરો થતાં સૌ વિદાય થાય છે.

પૂ. શ્રી આજે ત્રણ વાગે વિદાય થનાર છે, જેથી સૌ ભાવિકો ત્રણ વાગે આવી જાય છે. પૂ. શ્રીના હસ્તે એક આંબાનું વૃક્ષા-રોપણ શ્રી રમેશભાઇ (પૂ. શ્રીના યજમાન) કરાવે છે. તે પહેલાં સર્વેશ્વરીનાં સૌ સ્વજનો પૂ. શ્રીને પ્રણામ કરી ભેટ ધરે છે. પૂ. શ્રી સર્વેશ્વરીનાં માતા (ઉ. વ. ૭૫) ને કહે છે : તમે ચિંતા ના કરશો બધે જ બધાં ખૂબ માન ને પ્રેમ આપે છે. તમે સુરત પ્રવચનમાં જોયું ને!

**ઉત્તર :** હા, તમારી સાથે છે પછી મને ચિંતા નથી, તમને સોંપી છે ને!

વિદાય સમયે સર્વેશ્વરી એમનાં માતા–પિતા તથા ભાઇને નીચા નમીને પ્રણામ કરે છે. સૌની આંખમાં આંસુ આવે છે. વિદાયનું દૃશ્ય કરુણ બની જાય છે. સૌ ભાવિક બહેનો 'ગોકુળ વહેલા પધારજો રે'–એ ગાઇને પૂ. શ્રીને વિદાય આપે છે. કપૂરાથી ૩:૪૦ મિનિટે નીકળી ૬:૩૦ કલાકે વડોદરા આવી જવાય છે. વડોદરા સુધી ગાડી ખૂબ સુંદર ને ઝડપથી આવી ગઇ. વડોદરા સૌ ભાવિકો પૂ. શ્રી ને શ્રી સર્વેશ્વરીનું સ્વાગત



ફૂલહારથી કરે છે. પૂ. શ્રી બેઠકરૂમમાં બેઠા છે, આજે આટલી લાંબી મુસાફરી પછી પ્રથમવાર લગભગ એક કલાક નીચે બેઠા.

તેમાં માતાજીની અંતિમ અવસ્થાની, હિમાલયમાં પોતાની ટાઇફોઇડની, માંદગીની વાતો કરી. એક ભાઇ (જેમણે પોતાના નવા મકાનનું નામ પૂ. શ્રી પાસે માગ્યું હતું) પોતાના મકાન સર્વમંગલના વાસ્તુપૂજનનું કાર્ડ પૂ. શ્રીને આપે છે.

પૂ. શ્રી સહજ રીતે જ કહે છે, વાસ્તુની વિધિ સારી રીતે થઇ જશે. કોઇ વિઘ્ન નહિ આવે, ભોજન પણ સારું બનશે–એવું લાગે છે.

ત્યાં વળી મોરબીના પૂ. શ્રીના અનન્ય ભક્ત શ્રી હરિભાઇ ભોજાણીની દીકરી (મીના) અને તેમના પતિ પૂ. શ્રીને પોતાના લગ્ન પછી પ્રણામ કરવા આવે છે. પૂ. શ્રી કહે છે : ભોજાણીને થોડી ચિંતા હતી. મારી પાસે આશીર્વાદ મંગાવ્યા. મેં તારથી આશીર્વાદ પાઠવ્યા. ઉત્સવ સારી રીતે પાર પડશે ને એમ જ થયું.

લગ્ન ઉપર આપણે ત્યાં સાહિત્યમાં ઘણું ઘણું લખાયું છે. પણ સારામાં સારું નાનું લખાણ કવિ શ્રી નાનાલાલે લખ્યું છે. 'લગ્ન એટલે પ્રભુતામાં પગલાં' પ્રભુની તરફ પગલાં પાડવાં આપણામાં જે પ્રભુતા–દિવ્યતા, રહેલી છે તે તરફ પગલાં પાડવાં. લગ્ન એ શારીરિક વિલાસનું સાધન નથી. સાત્ત્વિક જીવન વિતાવી દિવ્યતા બહાર લાવવાનું સાધન છે.

લગ્ન થાય એટલે મંદિરોમાં સંતો પાસે પૈસા મૂકવાનો રિવાજ હશે કેમ? (મીના પૈસા મૂકે છે જેથી પૂ. શ્રી આ વાત કરે છે.) ત્યાં જ સર્વેશ્વરી કહે છે ૧૧, ૨૧ કે ૫૧ રૂપિયા મૂકી ભગવાનને કહે છે કે એના બદલામાં તમે અમારું આખું જીવન

સંભાળજો. એ રીતે મીના પણ પૈસા મૂકીને આશીર્વાદ જ માગે છે. પૂ. શ્રી કહે છે : હરિભાઈ, લગ્ન માટે જે આશીર્વાદ અપાય, તે બોલીને અપાય તેના કરતાં વણમાગ્યે આપોઆપ આંખમાંથી, રોમેરોમમાંથી અપાય એ જ ઉત્તમ છે.

અને ભગવાનને પૈસા મૂકવાથી તે લાંચ નથી. તે તો પ્રેમનું પ્રતીક છે. મહાપુરુષો આશીર્વાદ વિના બીજું શું આપે?—જેમ ગધેડા લાત વિના શું આપે?

"લગ્નજીવન સુખી બનો. શાંતિથી જીવો. પરસ્પર એકમેકના વિચારો ને ભાવોને અનુકૂળ બનો. તો ગૃહસ્થાશ્રમ નંદનવન બને. વડીલોની સેવા કરો. તેમના આશીર્વાદ મેળવો."

ગૃહસ્થાશ્રમમાં એક કહે મને કારેલું ભાવે, બીજું કહે મને કારેલું જોવાનું પણ ન ગમે—તોપણ પ્રેમ તો રહે જ. પણ બંને એકમેકને સમજી કહે, સારું, તને કારેલું ભાવે છે તો તે શાક પણ બનાવું. ને મારે માટે ભીંડાનું શાક બનાવજે. નહીં તો પછી ધરતીકંપ થયા જ કરે.

થોડી બાંધછોડ કરવાની વૃત્તિ રાખવી. પરસ્પર લાગણી પણ હોય. તો પછી આનંદ, આનંદ ને નંદનવન. (વળી પૂ. શ્રી ગમ્મત કરતાં કહે છે.) અમારે એવો ગૃહસ્થાશ્રમ નથી, પણ સાથે રહેતા હોય—ગુરુ સાથે શિષ્ય કે શિષ્યા કે પિતા સાથે પુત્રી કે મા સાથે બાળક રહેતો હોય, પણ પ્રેમભર્યું વલણ હોય તો કડવાશ ઊભી ન થાય અને ઘર્ષણ તો થાય જ નહીં. તમે હમણાં જ જોયું ને! એકને ભાવે ઢોકળાં ને એકને ભાવે મગ—ભાત તો મેં કહ્યું બંને બનાવો ભાઈ. (પૂ. શ્રીના આગમન પછી થોડી જ વારમાં, આજે શું જમવાનું તે પ્રશ્ન પૂછાય છે, તેથી ઘરના યજમાન કહે છે, કે



ઢોકળાં બનાવ્યાં છે. બીજું શું બનાવવાનું એના અનુસંધાનમાં પૂ. શ્રી ઉપરની વાત કહે છે.)

અનુભવ નહીં પણ, લગ્નજીવન જોવાથી ખ્યાલ આવે. હવે જપ—ધ્યાન જે કરો છો તે કરવાનું જ, પણ ઘરનું બગાડીને ન કરવાં.

પૂ. શ્રી વચ્ચે કપૂરાથી આવેલા ભાઈઓને વિદાય આપે છે. એક કલાક નીચે બેઠા પછી પૂ. શ્રી ઉપર આવે છે, ત્યારે સૌ પ્રણામ કરીને વિદાય આપે છે.

ઉપર આવી પૂ. શ્રી મગભાતનું ભોજન લે છે. સર્વેશ્વરી ઢોકળાં ને કેરી લે છે. ત્યારબાદ આરામ. હરિઃ ૐ

**તા. ૧૨–૫–૮૧, મંગળવાર, વૈશાખ સુદ નોમ, ૨૦૩૭,**
**સ્થળ : ૫૫, અરુણોદય સોસાયટી, અલકાપુરી, વડોદરા**

સવારે સ્નાન, વ્યાયામ, દૂધ પીવું, લેખનકાર્ય અતિ નિયમિત રીતે થાય છે. અગિયાર વાગ્યા સુધી પૂ. શ્રી લેખનકાર્ય કરે છે. ત્યારબાદ માળા લઈ થોડો આરામ કરે છે.

બરાબર સાડા અગિયાર વાગે પૂ. શ્રી ભોજન લઈ લે છે. ૧૨ વાગે બે—ત્રણ ભાઈબેનો આવે છે. જેથી પૂ. શ્રી બહારના રૂમમાં આવીને બેઠા છે.

એક ૬૪ વરસના ભાઈ પણ આજે સાથે આવીને બેઠા છે. તેમણે હાથ જોડીને પૂ. શ્રીને પ્રશ્ન કર્યો.

**ભાઈ :** મને મંત્ર આપો કે જેથી જે જીવન છે તેમાં જપી શકું.

**પૂ. શ્રી :** તમે જપતા તો હશો જ ને?

ઉત્તર : હા, 'ૐ નમઃ શિવાય' જપું છું.

પૂ. શ્રી : તમને એ નહીં ફાવે શંકરને યાદ કરી 'ૐ મહાદેવ' જપો. તેથી શાંતિ મળશે, મહાદેવ નામ જપજો. તમને એ નામ જ ફાવશે. થોડીવાર 'ૐ નમઃ શિવાય' જપવું, એ પછી ૐ મહાદેવ એ પાટા પર ગાડી સરસ ચાલશે.

ભાઈ : બીજું શું કરવાનું?

પૂ. શ્રી : કોરી ચેકબુક સહી સાથે આપી દીધી છે. હવે ચેક ફાડી ફાડીને બેન્કમાંથી રૂપિયા કાઢો. સ્મરણમાં તો ઘણી શક્તિ છે. બધું બદલાઈ જશે. જેટલું બને તેટલું સ્મરણ કરો.

ચ્યવનપ્રાશ લો. વિટામીન લો. થોડી પ્રસન્નતા રાખો. તમને ચિંતા નથી તો તે તો ઘણું સારું છે. નહીં તો ચિંતાથી ઘણા રોગો થાય. બધા રોગોની એક જ દવા, નામ અને થોડું પ્રસન્ન રહેવું.

ત્યારબાદ અમરનાથની યાત્રાની વાત કરતાં પૂ. શ્રી માતાજીનું સ્મરણ કરે છે.

સમય થતાં સૌ વિદાય થાય છે. પૂ. શ્રી આરામ કરે છે. સર્વેશ્વરી અમદાવાદ જવાની તૈયારી કરે છે.

બરાબર ત્રણ વાગે સૌની વિદાય લઈ અમદાવાદ શ્રી જીતુભાઈની ગાડીમાં નીકળવાનું બને છે. આજે માર્ગમાં શ્રી વિજયભાઈ, કુંદનબેન પણ હતાં જેથી સારી વાતો થઈ.

પૂ. શ્રીને શીખંડ ભાવે છે તો અગિયારસને દિવસે શ્રી વિજયભાઈ વડોદરાથી પૂ. શ્રી માટે શીખંડ લાવવા વિચારે છે—એના અનુસંધાનમાં પૂ. શ્રીએ ૧૯૩૦ માં માતાજીને પહેલો પત્ર લખેલો, તેમાં તેઓ શીખંડ–પૂરી જમવા ગયા હતા તે વાત લખેલી. તે યાદ કરે છે.



પૂ. શ્રી : હા, તે દિવસે વડોદરા બોર્ડીંગમાં એવું જમવાનું હતું જેથી એ વાત મેં પત્રમાં લખી હતી. ત્યાંથી પછી મુંબઈ જવાનું હતું.

સર્વેશ્વરી : આપ મુંબઈ ગયા તો કોણ મૂકવા આવેલું?

પૂ. શ્રી : કોઈ નહીં.

સર્વેશ્વરી : ત્યારે તમારી ઉંમર કેટલી?

પૂ. શ્રી : નવ વરસની.

સર્વેશ્વરી : તમને ડર ન લાગ્યો.

પૂ. શ્રી : ના. સ્ટેશન ઉપરથી એક ભાઈને કહેલું કે આ છોકરાને ગ્રાન્ટરોડ ઉતારી દેજો.

સર્વેશ્વરી : તમે સાથે સામાનમાં શું લઈ ગયેલા?

પૂ. શ્રી : એક નાનકડી થેલી, તેમાં એક જોડ કપડાં. તે જમાનામાં તો બે જોડ કપડાં ઘણાં થઈ પડતાં.

સર્વેશ્વરી : કંઈ ખાવાનું લીધેલું?

પૂ. શ્રી : ના, રાતની મુસાફરી હતી. પાણી પીવું હોય પણ મારો સ્વભાવ એવો શરમાળ એટલે મેં કોઈ સાથે વાતો પણ ન કરી, અને વળી ગ્રાન્ટરોડ સ્ટેશન આવ્યું ત્યારે ત્યાં મને કોઈ લેવા ન આવેલું. મોડું થઈ ગયેલું. એ તો પેલા ભાઈ સારા એટલે તેમણે ઘોડાગાડી કરાવી આપી. લેડી નોર્થકોટ રોડ પાસે જ માતાજીના ભાઈ રહેતા હતા એટલે ત્યાં ઉતરી ઘોડાગાડીવાળાને એક આનો આપી દીધો. બપોર પછી સંસ્થામાં દાખલ થઈ ગયા. અમારી ટુકડી (ઈ) હતી. બે મોટા છોકરાઓને બોલાવી મારી દેખરેખ માટે ત્યાંના સંચાલકે સૂચના આપી.

પછી તો થોડા વરસોમાં જ હું જાણીતો થઇ ગયો. હોંશિયાર વિદ્યાર્થી તરીકે, જેથી મને હેડમોનીટર બનાવ્યો.

મુંબઇની વાતો પૂરી થઇ. ત્યાં વળી માતાજીની સરોડાની જીંદગી, તારાબેનનું બાળપણ, તારાબેનનું ગૃહજીવન, સર્વેશ્વરીની પરીક્ષા ને સેવાની એમ વિવિધ વાતો થઇ. પૂ. શ્રીએ એમનાં નાનાં બેનને કરેલી વિવિધ મદદોની પણ વાતો થઇ.

વળી માર્ગમાં શ્રી વિજયભાઇ રાણાએ 'ચઢાવું બિલિપત્ર ના હું'–એ ભજન ગાઇ બતાવ્યું. અમદાવાદ આવી ગયું. પ્રથમ પ્રવચન પણ થઇ ગયું. શ્રોતાઓની કંગાળ હાજરીમાં સંઘવી હાઇસ્કૂલ, નારણપુરામાં ભાગવતના મર્મ ઉપર ત્રણ દિવસનાં પ્રવચનો ચાલુ થયાં.

પૂ. શ્રીએ આજે એક ખૂબ સરસ વાત કરી. જેમ આપણે ડોક્ટરો પાસે જઇએ ને તેમને બધું જ આપણું દુઃખ કહીએ છીએ ને કશુંય છૂપાવતા નથી, એ રીતે સંતો પાસે પણ આપણે કશું જ છૂપાવવું નહીં. જો કંઇ છૂપાવીએ તો સંતને મદદ કરવી હોય તોપણ કેવી રીતે કરી શકે?

પ્રવચન બાદ શિબિરની થોડી વાતો શ્રીબાબુભાઇ સાથે થઇ. ઉતારા પર આવી પૂ. શ્રી ખીચડીનું ભોજન લઇ આરામ કરતાં પહેલાં વડોદરાથી આવેલા શ્રી જીતુભાઇ, વિજયભાઇ, કુંદનબેનને વિદાય આપે છે. વળી અમારા સેવાભાવી પરિચિત શ્રી નરેન્દ્રભાઇ ને તેમનાં પત્ની શ્રી દમયંતીબેનને શિબિર માટે લઇ આવવાની પૂ. શ્રી ખાસ સૂચના આપે છે.

ત્યારબાદ આરામ. હરિઃ ૐ



**તા. ૧૩–૫–૮૧, બુધવાર, વૈશાખ સુદ દશમ, ૨૦૩૭,**

**સ્થળ : ૨, નરસિંહનગર, નારણપુરા ચાર રસ્તા, અમદાવાદ**

સવારે સ્નાન, વ્યાયામ, ગીતાપાઠ, દૂધ પીવું ને અંતે લેખનકાર્ય ચાલુ થઇ જાય છે. સર્વેશ્વરી પણ ઉપરનો ક્રમ પતાવીને ડાયરીની નોંધ કરે છે. બરાબર સાડા અગિયારે પૂ. શ્રી ભોજન લઇ લે છે.

ભોજન બાદ મુલાકાત શરૂ થાય છે. આજે રાજપીપળાથી એક બેન પણ આવેલ છે. તેમણે મંત્રજપના બે–ત્રણ પ્રશ્નો પૂછ્યા. પૂ. શ્રીએ જવાબ આપતાં કહ્યું મંત્રજપ એ જ પૂર્ણ સાધના છે. મંત્રજપ કરનારને બીજા કોઇ સાધનની જરૂર રહેતી નથી.

બરાબર એક વાગે પૂ. શ્રી થોડી શિબિરની વાતો કરી આરામ કરે છે. સર્વેશ્વરી શિબિરના ઉતારા પર વ્યવસ્થા જોવા જાય છે.

ત્યાંથી એકાદ કલાકમાં પાછાં ફરી આરામ કરે છે. ત્યારબાદ પૂ. શ્રી સાથે ફરી શિબિરના સ્થળે જવાનું બને છે ત્યાંથી આવ્યાબાદ સીધાં પ્રવચન સ્થળે પ્રવચન આપવાનું બને છે. પૂ. શ્રી ઉતારા પર આવી ખીચડી–શાક–દૂધનું ભોજન લઇ આરામ કરે છે.

સર્વેશ્વરી નોંધ લેખન બાદ આરામ કરે છે. હરિઃ ૐ.

(ક્રમશઃ)

# શ્રી મધુબેનને શ્રદ્ધાંજલિ



શ્રીમધુબેન બાબુભાઇ વોરા
: સ્વર્ગવાસ :
વય ૭૫ વર્ષ, તા. ૨૧–૫–૯૬

તંત્રી

સમગ્ર યોગેશ્વર પરિવારના પરમ આદરણીય શ્રી બાબુભાઇ વ્હોરાનાં ધર્મપત્ની શ્રીમતી મધુબેનનો સ્વર્ગવાસ તા. ૨૧, મે–૧૯૯૬ ના રોજ થયો. નાના–મોટા સહુને આ જાણી દુઃખ થાય એવી આ ઘટના છે. છેલ્લા દોઢ બે વર્ષથી તેમનું સ્વાસ્થ્ય સારું નહતું રહેતું. પરિણામે તેઓ પથારીવશ થઇ જવાથી લાચારી અનુભવતાં. આમ છતાં અનેક પ્રકારની શારીરિક પીડાઓ વચ્ચે પણ પ. પૂ. શ્રી યોગેશ્વરજી અને પ. પૂ. મા શ્રી સર્વેશ્વરીને સતત યાદ કરતાં રહેતાં, કારણ તેઓને તેઓમાં ખૂબ શ્રદ્ધા હતી.

શ્રી બાબુભાઇને બ્યાસી વર્ષની જૈફ વયે જીવનસંગિની ગુમાવવી પડે, એ ખરેખર દુઃખદ છે. જીવનમાં ખરેખર તો વૃદ્ધાવસ્થામાં જ પોતાના આત્મીય માણસનો સાથ, સહાય કે હૂંફની વિશેષ જરૂર હોય છે. ત્યારે આવી પડેલ આ વિયોગ જરૂર



વસમો લાગે. જીવનના છ દાયકા કરતાં વધુ સમય સુધી જેમણે સંસારની અનેક નાની–મોટી સુખદુઃખની ઘટનાઓમાં સાથ ધર્યો હોય, તેનો સદાકાળનો વિયોગ કેવો અસહ્ય બની રહે, તે તો અનુભવે તે જ જાણે.

શ્રી બાબુભાઇનું જીવન બાળપણથી જ અનેક સંઘર્ષોથી ભરેલું પિતાનું છત્ર તો બાળપણથી જ ગુમાવી દીધેલું. મોસાળની હૂંફે મોટા થઇ ભણ્યા અને મધુબેન સાથે લગ્નગ્રંથિથી જોડાયા. સરકારી નોકરીમાં અનેક સ્થળોએ બદલીઓ થતી રહી, તેમાં પણ કદી કોઇ ફરિયાદ વિના શ્રી મધુબેન સાથ ધરતાં રહ્યાં, પરિવારને સાચવતાં રહ્યાં. શ્રી મધુબેન માટે બાબુભાઇનો કોઇ પણ શબ્દ પેલા લશ્કરના સૈનિકની જેમ Not to question how or why, But to do or die. (કેમ કે શા માટે, એ પૂછવાનું નહિ, પરંતુ કરવાનું કે મરી ફીટવાનું.) બની રહેતો.

આમ તો શ્રી બાબુભાઇનું ઘર એટલે સતત સ્નેહીઓ, અતિથિઓ અને અભ્યાગતોથી ઊભરાતો આશ્રમ જ જોઇ લો. ત્યાં આવતી હરેક વ્યક્તિનું યથાયોગ્ય સ્વાગત કરવાનું કામ શ્રી મધુબેનનું. પરિવારના સહુ સભ્યો અને આગંતુકોને જમાડયા પછી છેલ્લાં મોડેથી જમે. આમ ભારતીય ગૃહિણીધર્મનું સરસ પાલન એમના જીવનમાં જોવા મળે.

શ્રી મધુબેનના જીવનની કસોટી તો ત્યારે થઇ, જ્યારે પ. પૂ. મહાત્મા શ્રી યોગેશ્વરજીને હૃદયરોગની બીમારીને લીધે હોસ્પીટલમાં દાખલ કર્યા અને તે પછી ત્રણ મહિના આરામ માટે અમદાવાદમાં રાખવામાં આવ્યા. તે દિવસોમાં દરરોજ નિયમિત રીતે શ્રી મધુબેન ચાર પાંચ માણસો માટે ટીફીન તૈયાર કરીને

સમયસર મોકલતાં એટલું જ નહિ, પરંતુ પૂ. શ્રી યોગેશ્વરજીને અનુકૂળ આવે એવી ઘણી બધી વનગીઓ પણ સતત ચાર માસ સુધી મોકલતાં રહ્યાં. શ્રી મધુબેનની વિશેષતા એ કે પોતાની ફરજમાં આવતા કોઇ કામનો કદી કંટાળો નહિ કે કદી કોઇ સામે કોઇ ફરિયાદ નહિ.

શ્રી મધુબેન એટલે જાણે નર્યું મધુ—નરી મધુરતા. તેમના પરિચયમાં આવતી હરેક વ્યક્તિ પ્રત્યે એમનો મધુર વ્યવહાર, સદાય પ્રસન્ન મુખમુદ્રા. એવી જ ભાવભરી નિર્દોષ આંખો અને નિર્દોષ ચહેરો. આવાં મધુબેનની વિદાય આપણને વસમી લાગે તો તેમના પરિવારને, અરે, શ્રી બાબુભાઇને કેવી વસમી લાગે! તે તો કલ્પના કરવી અસહ્ય છે. પ્રભુ એમના આત્માને ખૂબ ખૂબ શાન્તિ આપે, અને પરિવારને આવી પડેલ દુઃખને સહેવાની શક્તિ આપે એ જ પ્રાર્થના.

વિવિધ રોગોના યોગિક ઉપચાર માટે,
યોગશિબિરના આયોજન માટે
ડૉ. હિમાંશુ પાઠક,
શ્રી હેમીના પાઠક.
* યોગ એન્ડ ટોટલ હેલ્થ સેન્ટર *
ડૉ. મનસુખલાલ ટાવર, અઠવાલાઇન્સ, સુરત.
ફોન : ૬૪૯૯૬૪/૬૪૬૨૨૯ ઘર : ૬૮૫૨૮૩



બ્રધર લૉરેન્સ

# ઈશ્વર સાન્નિધ્યની સાધના

યશસ્વીભાઇ ય. મહેતા

## પત્ર પરિસંવાદ—૩

જેની કૃપા અનંત છે, જેની દયાનો કોઇ પાર નથી, જે આપણી બધી જરૂરિયાતો પૂરેપૂરી જાણે છે તેવો એક સર્વશક્તિમાન, સર્વજ્ઞ અને સર્વવ્યાપી ઈશ્વર આપણા સૌના અંતરમાં બિરાજમાન છે. હું હંમેશાં વિચારતો કે તે તમને અંતિમ ધ્યેયસુધી પહોંચાડશે. તે તેના પોતાના મનપસંદ અનુકૂળ સમયે આવશે અને તે પણ ત્યારે કે જ્યારે તમે તેની ભાગ્યે જ ધારણા કરી હોય. તેની કરુણામાં, અત્યારસુધી રાખી છે તે કરતાં વધુ શ્રદ્ધા રાખો : તે તમારી ઝીણામાં ઝીણી કાળજી રાખે છે તે માટે તેનો, મારી સંગાથે, આભાર માનો, ખાસ કરીને, તમારા દુઃખોમાં તે જે ધૈર્ય અને સહનશક્તિ આપે છે ને તે રીતે તમારું ધ્યાન રાખે છે તે માટે : તો પછી આ બધા માટે તેની પ્રત્યે કૃતજ્ઞતા દાખવો અને તમારા મનને આશ્વસ્ત કરો.

શ્રીમાન.........ની હિંમત અને સહનશક્તિને, તિતિક્ષાને હું બિરદાવું છું : ઈશ્વરે તેને સુંદર સ્વભાવ આપ્યો છે, સુદૃઢ મનોબળ આપ્યું છે, પરંતુ તેના મનમાં હજુ થોડો સંસારભાવ રહેલો છે, સંસારના વિષયો, વસ્તુઓ ને વ્યક્તિઓની આસક્તિ ગઇ નથી. હજુ તેનામાં ભરપૂર યૌવન છે એટલે તેનો થનગનાટ રોકવાનું કામ ખરેખર અઘરું છે. ઈશ્વરે તેની ઉપર જે

આપત્તિ–વિપત્તિ નાંખી છે, જે દુઃખ નાંખ્યું છે તે તેને માટે એક પરિપૂર્ણ ચિકિત્સા, ઉપાય બની રહેશે અને તેને પોતાના અંતરમાં પ્રવેશ કરવા પ્રેરશે, એવી હું આશા રાખું છું. તે એક સુયોગ્ય અકસ્માત છે અને ઈશ્વરમાં સંપૂર્ણ આત્મશ્રદ્ધા રાખવા તેને પ્રોત્સાહિત કરશે. તેને ખાત્રી થશે કે ઈશ્વર તો નિત્ય તેની સમીપ, તેના પોતાના હૃદયમાં બિરાજમાન છે. તેનું ચિંતન તે જેટલું વધુ કરી શકે તેટલું કરવા દ્યો, ખાસ કરીને સૌથી વધુ ગંભીર ને ખતરનાક પરિસ્થિતિઓમાં.

હૃદયને તેની તરફ સહેજ જ વાળીને, એક અલ્પ એવું તેના સ્વરૂપનું, ગુણોનું, શક્તિનું, ચિંતન પૂરતું છે. આવા વખતે તે ભલે હાથમાં આયુધ સાથે યુદ્ધભૂમિમાં આગેકૂચ કરી રહ્યો હોય–આવા વખતે તેનું અલ્પકાલિન ઈશ્વરચિંતન એક જ ક્ષણ પૂરતું કેમ ન હોય! તે સર્વશક્તિમાન ઈશ્વરને માન્ય છે, સ્વીકાર્ય છે, આવકાર્ય છે. સૈનિકની હિંમત, ભયંકર યુદ્ધના પ્રસંગોમાં તેનાથી ઓછી થવાને બદલે વધે છે. વધુ સુરક્ષિત બને છે.

તેને કહો કે તે બને તેટલું વધુ ઈશ્વરચિંતન કરે. અલ્પમાત્ર-માં, અલ્પ સમય માટે આ પવિત્ર મનોવ્યાપાર કરવાની નિયમિત ટેવ રાખવાથી ક્રમશઃ તેમાં મન વધુ ને વધુ ઢળે છે. અને આખા દિવસમાં આ અલ્પ આંતરિક ઉપાસના વારંવાર કરવા જેટલું વધુ સહેલું બીજું કંઇ જ નથી!

જો તમને ઠીક લાગે તો, જેટલું બને તેટલું વધુ ઈશ્વર–સ્મરણ કરવા તેને મારી વતી ભલામણ કરજો, આ પત્રમાં સૂચવ્યા મુજબ. ખાસ કરીને એક સૈનિકને માટે આ અત્યંત જરૂરી અને ઉચિત છે. તે દરરોજ હાથમાં જીવ લઈને લડતો હોય



છે. તેને માથે મોતનો ભય બીજા બધા કરતાં વધુ ઝઝુમતો હોય છે. કદાચિત, ન કરે નારાયણ અને તે યુદ્ધમાં ઈશ્વરચિંતન કરતાં કરતાં ખપી જાય તો તેની નિત્ય–મુક્તિ, ઈશ્વર–સાન્નિધ્ય અવશ્યંભાવિ છે. હું આશા રાખું છું કે ઈશ્વર તેને આ કાર્યમાં સહાયક બનશે, તેના પૂરા પરિવારની રક્ષા કરશે, તેમને મારી મંગલ કામનાઓ પાઠવું છું.

ઈશ્વર–સ્મરણમાં સદામગ્ન લૉરેન્સ.

**ધ્યાન રાખો કે ધ્યેયની વિસ્મૃતિ ના થાય**

બહુ જાણવાની જરૂર નથી. પરંતુ જેટલું ઈશ્વર અને ધર્મ વિષે સમજ્યા છો એનો પ્રામાણિકપણે અમલ કરો તો આગળનું કામ પ્રભુ સંભાળી લેશે.

– યોગેશ્વરજી

*** પરફેક્ટ એન્ટરપ્રાઈઝ ***

**મરચન્ટ, એક્સપાર્ટ્સ, ઈમ્પોર્ટર્સ**

**એન્ડ જનરલ A to Z સપ્લાયર્સ**

૪૨, જયશ્રી ખોડિયાર કો–ઓપરેટીવ શોપિંગ સેન્ટર

રજપૂતપરા મેઈન રોડ, રાજકોટ.

ફોન નં. ઓ. : ૨૫૪૭૮ ઘર : ૫૫૫૧૪

# કેવી ધન્યતા !

પિનાકીન ના. જાની

હે પ્રભુ, સવારે તારી સામે જોઉં છું ને નવી શક્તિથી નવપલ્લવિત બની રોજ રોજ મને તું જે ધરે છે તેનાથી હું જાણે સુસજ્જ બનું છું. મારી આસપાસ તારા આશીર્વાદનું એક કવચ હું અનુભવું છું અને હું નિશ્ચિત મને બધી જ ઝંઝટનો સામનો કરવા તત્પર બનું છું. તમે મારી સાથે છો એ વાત મારા માટે સૂર્યોદય જેવી જ નિર્ધારિત છે અને હું પૂર્ણ પ્રસન્ન બની એક દિવસ આગળ જવા માટે તૈયાર થાઉં છું.

મન જાણે શાંત બની ગયું છે. હૃદયમાં અપૂર્વ શાંતિ છે અને હું ચૂપચાપ તમારી પાસે આવી જાઉં છું. આપની પાસે આપના શ્રીચરણોમાં નહિ પણ આપના ખોળામાં મારું આ મસ્તક મૂકી ચૂપચાપ જાણે બેસી રહું છું અને આપનો વરદ હસ્ત દુનિયાનું સમસ્ત વ્હાલ સમેટીને મારા ઉપર વરસાવ્યા કરો છો. સાચે જ પ્રભુ જેને પ્રેમ કરે છે તેની દશા કોણ જાણી શકે?


**અંબાજીમાં ક્યાં ઉતરશો?**

"સ્વર્ગારોહણ"

**માતાજી જ્યોતિર્મયી વિશ્રામગૃહ**

"સ્વર્ગારોહણ", દાંતા રોડ, **અંબાજી.** (ઉ. ગુ.) ૩૮૫ ૧૧૦

એસ. ટી. ડી. ૨૭૪૯/ ટે. નં. ૬૨૨૬૯




# પ્રેમાંજલિ–પૂ. યોગેશ્વરજીને

સુરેશ શાહ, કેનેડા

તા. ૧૮ માર્ચ–૧૯૯૬, સોમવાર.

પરમ પૂજ્ય પ્રાતઃસ્મરણીય પૂજ્ય સદ્‌ગુરુદેવનો બારમો લીલાસંવરણ દિન.

સ્થળ : શ્રી ભગવાનજીભાઈનું નિવાસ સ્થાન. કેલીફોર્નીયા.

"જે ચરણમાં તીર્થો ભળ્યાં તે ચરણને વંદન હજો,
જે ચરણ હિમગિરિમાં ફર્યાં તે ચરણને વંદન હજો."

* સરોડાનંદન પૂ. શ્રી કે જેમની સિદ્ધિઓનો પાર નથી, છતાં એ બધી સિદ્ધિઓ કરતાં મહાન છે એવા તમને અમારી ભાવભરી અંજલિ.

* સાબરમતીના સંત કે જેમણે બધું જ આપી દીધું છે અને તેમ છતાં કદી પાછુંવાળીને જોયું નહીં, જેમણે સૌ પર પ્રેમ કર્યો અને બદલાની આશા રાખી નહીં, એવા તમને અમારી કૃતજ્ઞતા.

* દેવપ્રયાગના દેવપુરુષ કે જેમણે માણસના દોષો ન જોયા પણ એની અભીપ્સા જોઈ એનું મૂલ્ય આંક્યું, એવા તમને અમારા હાર્દિક અભિનંદન.

* મા જગદંબાના કૃપાપાત્ર કે જેમના સાહિત્યથી આધ્યાત્મિક પંથે પ્રયાણ કરતા સાધકોને પ્રેરણાના પિયૂષ પાયાં તેવા યુગપુરુષ યોગેશ્વરજીને અમારી મૂક અભ્યર્થના.

* હિમાલયના તપસ્વી કે જેમની વિનમ્રતા અંદરની શક્તિ-

માંથી ઉદ્‌ભવી હતી, અને પારદર્શક સચ્ચાઇ તથા જીવંત સમજથી ઉદ્‌ભવેલી શક્તિ એ જ જેમની શક્તિ હતી, એવા તમને અમારી આર્દ્ર પ્રાર્થનાઓ.

* જેમની પાસે પોતાનું કાંઇ હતું નહિ, જે સાવ અકિંચન હતા અને છતાં જે માનવીઓમાં રાજાધિરાજ હતા, એવા તમને અમારી પુષ્પાંજલિ.

* જેમના સ્નેહ, ઔદાર્ય, તપશ્ચર્યા, ભક્તિ અને જ્ઞાનનો કોઇ પાર નથી તેવા પૂ. યોગેશ્વરજીને અમારા હૃદયની ભક્તિનું સમર્પણ!!

* જેમનું જીવન જ કવન હતું તેવા તમને અમારી પ્રેમાંજલિ!

સમર્થ સદ્‌ગુરુના શ્રી ચરણોમાં આજે કોટિ પ્રણામ અને પૂ. માના ચરણારવિંદમાં કોટિ વંદન.

શ્રી યોગેશ્વર કૃપા

**સંદીપ વેલ્ડીંગ વર્ક્સ**

ગ્રીલ, દરવાજા, તેમજ મેઇન ગેટના સ્પેશ્યાલીસ્ટ

તેમજ

દરેક જાતનું રીપેરીંગ કામ કરનાર.

મોદી બંગલા, ઉમરા જકાત નાકા પાસે, સુરત–૩૯૫ ૦૦૭

ફોન : ૬૬૮૨૩૧



## * સુખ–દુઃખ *

(૧)

અસ્થાયી ભાવની છાયા  
સુખે–દુઃખે સદા સહી;  
મૂલગામી શી સંતોની  
સૂઝ તો ઊફરી રહી.

(૨)

આશાના ગર્ભમાં દુઃખ,  
દુઃખની શક્તિ અસ્ફુટ;  
અસ્ફુટ શક્તિ સંવર્ધે,  
લક્ષ્યાં સિદ્ધિના પુટ.

(૩)

અભાવે દુઃખ તે સુખ?  
સુખની સીમ સાંકડી;  
અસીમ દુઃખની લીલા!  
સ્થિર ઐશ્વર્યની કડી.

(૪)

કુન્તાની પ્રાર્થના, દુઃખઃ  
દુઃખમાં સ્મૃતિ વિષ્ણુની;  
વિષ્ણુ વિનાની શી લક્ષ્મી?  
લક્ષ્મીયે દાસી ભક્તિની.

(૫)

સુખ–દુઃખતણી મુદ્રા,
બે બાજૂ અતિ, અલ્પ ના;
દેશ–કાળ અને વ્યક્તિ
સમતા થકી અભિન્નતા.

(૬)

કાળે શંકર શ્રેયસ્કર,
કાળે એ પ્રલયંકર;
શક્તિ–ભક્તિ અંતર્હિત,
દુઃખોના દેવને નમું.

— ડૉ. રણજિત પટેલ (અનામી)


વરદ હસ્ત પ્રભુ તમારો, સદાય રહેજો જીવન સહારો.

ફોન : ૨૭૬૨૯

બહારગામના ચેક તથા ડ્રાફ્ટ કાઢી આપનાર

દીપક ટ્રેડલીંક

શ્રોફ એન્ડ કમીશન એજન્ટ

સ્વામીનારાયણ શેરી સામે, દાણાપીઠ, રાજકોટ–૧

સહયોગી પેઢી–દીપકકુમાર એન્ડ કું. ભાવનગર, ફોન : ૨૨૦૪૧, ૪૨૨૦૨૫

દીપક ફાઇનાન્સ, અમદાવાદ, ફોન : ૨૧૪૨૬૮૯, ૨૧૪૬૭૨૯

દીપક કોર્પોરેશન, મુંબઇ, ફોન : ૨૦૧૫૪૮૮, ૨૦૦૫૦–૧૬

દીપક એસોસીએશન, વડોદરા, ફોન : ૫૫૬૨૬૯




# શ્રીમદ્ ભાગવત વિમર્શ

પ્રા. ભાગવતાચાર્ય જનાર્દનભાઇ દવે

## પ્રથમ સ્કંધ

ભારતીય પરંપરા કોઇ પણ કાર્યના પ્રારંભમાં મંગલાચરણ કરીને પછી કાર્યનો આરંભ કરવાની રહી છે. વિજ્ઞાનનું વિશ્વ અને અધ્યાત્મનું વિશ્વ અલગ અલગ છે. વિજ્ઞાનનો પ્રારંભ પ્રશ્ન અને તર્ક દ્વારા થાય છે. અધ્યાત્મનો પ્રારંભ પ્રણામ અને પ્રાર્થનાથી થાય છે. ન્યૂટન ઉદ્યાનમાં બેઠા હતા અને વૃક્ષ પરથી એક સફરજન પડયું. ન્યૂટન સાહેબને તરત જ પ્રશ્ન થયો આ ફળ નીચે જ કેમ પડયું? પછી તર્કની મદદથી તેમણે ગુરુત્વાકર્ષણના મહાન સિદ્ધાંતની ભેટ આપી.

ભારતમાં નારદજી એક વાર બ્રહ્મની શોધમાં નીકળ્યા. તેમને મહાન આચાર્ય સનત્કુમાર મળ્યા. દેવર્ષિએ તેમને પ્રણામ કર્યા અને પછી પ્રાર્થના કરી **अधीहि भगवो ब्रह्मेति** "ભગવન્ આપ મને બ્રહ્મનું અધ્યયન કરાવો."

દરેક ઉપનિષદ્‌ના સ્વાધ્યાય પહેલાં તે તે ઉપનિષદ્ જે વેદનું હોય તેનો શાંતિપાઠ પહેલાં બોલાય **शं नो मित्रः शं वरुणः** "હે મિત્ર, આપ અમને શાંતિ પ્રદાન કરો, હે વરુણ, આપ અમને શાંતિ આપો." આ પ્રાર્થના થઇ **नमो ब्रह्मणे नमस्ते वायो त्वमेव प्रत्यक्षं ब्रह्मासि** "બ્રહ્મ આપને પ્રણામ, વાયુ આપને પ્રણામ, આપ જ પ્રત્યક્ષ બ્રહ્મ છો." આ થયા પ્રણામ. ઓશો રજનીશ કહેતા વિજ્ઞાન પાસે જવાનો માર્ગ પુરુષનો છે, આત્મા પાસે જવાનો

માર્ગ સ્ત્રીનો છે. પુરુષ અધિકારપૂર્વક, બુદ્ધિપૂર્વક, આક્રમક બની જાય છે સ્ત્રી સમર્પિત થઇને ભક્તિ નમ્ર બનીને જાય છે.

ભાગવતજી પણ અધ્યાત્મનો દીપસ્તંભ છે. દીપસ્તંભ સમુદ્ર-માં ખડક પર હોય તેની જ્યોત દૂર દૂરનાં વહાણોને કહેશે "આટલામાં ન જશો. આ તરફ જાઓ." વેદ, ઉપનિષદ્, રામા-યણ, ભાગવત, મહાભારત પણ કહેશે "આ માર્ગે જવાનું નથી. આ માર્ગે જાઓ." અધ્યાત્મના શાસ્ત્ર **आत्मानम् अधि** આત્મતત્ત્વ સુધી લઇ જનારા છે, પણ વચ્ચે અનાત્મ પહેલાં આવશે. દેહ, પ્રાણ, અંતઃકરણ ચતુષ્ટય અને અવિદ્યાના પ્રદેશો આવશે. દેહાધ્યાસ, કામ, ક્રોધ, લોભ, મોહ, મદ, મત્સર, અભિનિવેશ, અધ્યાત્મના દીપસ્તંભો પહેલાં આ પ્રદેશો કેવા છે? ત્યાં ક્યા ભય છે? ત્યાં જવાથી કેટલું ને કેવું નુકસાન થશે તે બતાવે છે. વહાણ અથડાય જાય તેવા ખડકો, મોટા મોટા વમળો આ બધું દર્શાવી મનુષ્યશરીર રૂપ હોડીને "પરમ સમીપે" પહોંચાડવાનું કામ આ અધ્યાત્મદીપ કરે છે, પણ અધ્યાત્મની જ્યોતિરૂપ આ શાસ્ત્રો કહેશે પ્રણામ અને પ્રાર્થના સાથે અહીં આવો.

એટલે આપણે ત્યાં મંગલાચરણ કરતા હતા. **मंगल** એટલે **मगति ध्येयं प्रति मंगलम्** જે ધ્યેય સુધી લઇ જાય તે મંગલ. ધ્યેય દેહભાવ નથી, સ્વભાવ છે. સ્વ=પોતાનો ભાવ=સ્થિતિ. સ્વ-સ્થિતિ એ આત્મભાવ છે જે સ્વમાં નિત્ય રમે તે સ્વસ્થ. ભાગ-વતજીમાં શુકદેવજી રાજાને કહે છે **त्वं तु राजन् मरिष्येति पशु-बुद्धिमिमां जहि** રાજન્, તું 'હું મરી જઇશ' એ પશુબુદ્ધિ અજ્ઞાન છોડ? પ્રાચીનબર્હિને દેવર્ષિ કહે છે, "રાજન્, તેં યજ્ઞમાં ભેદ-બુદ્ધિથી કેટલા પશુઓ હણ્યા! આ બધા તારી રાહ જોઇ રહ્યા છે." એમ કહી પુરંજન આખ્યાન સંભળાવ્યું.



પુરંજનને એની પાસે આવેલ હંસરૂપ આત્મા, હંસરૂપ સદ્ગુરુ કહે છે "આપણે બંને એક છીએ. **अहं भवान् न चान्यस्त्वम्** હું છું તે જ તું છો. તું અન્ય નથી, વિદ્વાનો આપણી વચ્ચે જરાયે છિદ્ર જોતા નથી."

રહુગણને પરમહંસ ભરતજી કહે છે, "અરે, તું હું રહુગણ છું, રાજા છું એમ કોને ઉદ્દેશીને કહે છે, "કાળાપણું, ગોરાપણું, જાડાપણું, પાતળાપણું તો દેહની વાત છે!" **अकोविदः कोविद-वाद वादान् वदिष्यसि नातिविदां वरिष्ठः** "તું મૂર્ખ છો પણ વિદ્વાનોના જેવી વિદ્વત્તાભરી વાતો કરે છે, **न सूरयो हि व्यवहार-मेनं तत्त्वावमर्शेन सहामनन्ति** "ડાહ્યા પુરુષો આ વ્યવહારના સિદ્ધાન્તોને તત્ત્વના ચિંતનમાં ઉપયોગી માનતા નથી."

દેવહુતિ તો પોતે જ કહે છે "અસત્ એવી ઇન્દ્રિયો અને મનને તૃપ્ત કરવામાં મેં જીવન ગુમાવ્યું મને તેનો ભારે શોક છે તો આપ **स्वभृत्योः संसारतरो कुठारम्** પોતાના આશ્રિતોના સંસારને મૂળમાંથી છેદનાર કુહાડી છો. **नमामि सद्धर्मविदां वरिष्ठम्** એવા આપ પરમ સદ્ આત્મતત્ત્વના અનુભવીઓમાં શ્રેષ્ઠ છો. આપને હું પ્રણામ કરું છું."

આમ સ્વભાવ એટલે આત્માની ચિરંતર ચૈતન્ય જ્યોતિમાં, આનંદરૂપ સ્વ=શાશ્વત સ્થિતિમાં લઇ જાય અને દેહાદિ અને તેનાં ઉપલક્ષણો એવા કામક્રોધાદિથી નિવારે તેવા ધ્યેયને મંગલ કહેવાય. ભાગવતજીના પ્રથમ સ્કંધના પ્રથમ અધ્યાયમાં ત્રણ શ્લોકોવડે મંગલાચરણ કર્યું છે. પ્રથમ શ્લોકને વિદ્વાનો કાર્યમંગલ, બીજાને ધર્મમંગલ અને ત્રીજાને સ્વરૂપમંગલ કહે છે.

વ્યાકરણના કોઇ ગ્રંથમાં જોવામાં આવ્યું નથી પણ વિદ્વાનો

કહે છે 'જ' અક્ષર દગ્ધાક્ષર છે. 'જ' અક્ષરથી જે ગ્રંથ શરૂ થાય તે સત્વરહિત થઈ જાય તે ગ્રંથ પૂર્ણતા ન પામે. પરંતુ ભગવાન વ્યાસ નારાયણે ભાગવતજીનો પ્રારંભ તો **जन्माद्यस्य यतोऽन्वयादितरतश्चार्थेष्वभिज्ञः स्वराट्** એમ જ અક્ષરથી કર્યો જ પણ યજ્ઞ વારાહની ઋષિઓએ કરેલી સ્તુતિ પણ **जितं जितं ते** એમ 'જ' થી કરી, ભગવાન શિવે **जितं त आत्मविद्धूर्य** એમ 'જ' થી કરી, ગોપીગીતમ્ "જયતિ તે" 'જ' થી પ્રારંભ પામે છે, વેદસ્તુતિ પણ **जय जय जह्याजमजित दोषगृभितगुणां** 'જ' થી શરૂ થાય છે એમ જ અક્ષર પર પક્ષપાત દર્શાવ્યો.

ગોસ્વામી સંત પ્રવર તુલસીદાસજીએ માનસના બાલકાંડમાં શ્લોકો રચ્યા પછી જેવી ભાષામાં શરૂઆત કરી ત્યાં ગણેશનો અનુગ્રહ માગતાં **जेहि सुमिरत सिद्धि होई** એમ 'જ' અક્ષરથી ગ્રંથારંભ કર્યો. કારણ ભાગવતના કૃષ્ણ બ્રહ્માસ્ત્રથી બળી જનારા પરીક્ષિતનું ઉત્તરાના ગર્ભમાં પરિત્રાણ કરે છે તો શ્રીરામ પણ પોતે જ પ્રેરેલા બ્રહ્માસ્ત્રના અગ્નિથી શરણે આવેલા ઇંદ્રપુત્ર જયંતને અભય આપી બચાવે છે.

જો રામ અને કૃષ્ણ અમોઘ બ્રહ્માસ્ત્રના અનલથી બચાવતા હોય તો તો તેમનાં ગુણગાન દગ્ધાક્ષર એવા 'જ' થી જ કરીએ. આ બંને પ્રભુઓ 'જ' થી શરૂ થતા ગ્રંથને પણ અમર બનાવશે. દેશકાળના સીમાડાથી પર બનાવી હજારો વર્ષો સુધી આ ગ્રંથ દાઝેલા જીવોને અમૃતનું પાન કરી નવું જીવન આપશે એવી શ્રદ્ધાથી બંનેએ 'જ' વર્ણથી ગ્રંથારંભ કર્યો છે.



# દેવહૂતિ

કનૈયાલાલ જોશી

નારી સંસ્કૃતિની સર્જક અને પોષક છે. તે સંસ્કૃતિની બુદ્ધિ, સમૃદ્ધિ અને શક્તિનો સ્રોત છે. આપણા પુરાણોમાં આ સત્યની પ્રતીતિ કરાવતી અનેક સન્નારીઓની પ્રેરક કથાઓ છે. દેવહૂતિ આવી એક જ્વલંત નારી છે.

પ્રાચીન કાળમાં બ્રહ્માવર્ત નામે એક દેશ. આ દેશના રાજા હતા સ્વાયંભુવ મનુ. રાજા મનુની રાણીનું નામ શતરૂપા. તેમના આદર્શ દામ્પત્યની પ્રસન્નતા એટલે પુત્રી દેવહૂતિ.

દેવહૂતિ રૂપવંતી હતી, અનન્ય લાવણ્યવંતી. માતાપિતાના સંસ્કારને લીધે તેને લાધ્યા હતા વિનમ્રતા, સેવાપરાયણતા અને સત્યપ્રિયતા જેવા સદ્‌ગુણો. તેના રૂપ અને સદ્‌ગુણોની પ્રશંસા સુગંધ પેઠે પ્રસરી હતી. કોઈએક દિવસે તેને મુનિ નારદ સાથે મુલાકાત થઈ. નારદજીએ તેની સમક્ષ ઋષિઓ, તેમની તપશ્ચર્યા અને તેમની સિદ્ધિઓ વિશે વાતો કહી. દેવહૂતિની હૃદયક્યારીમાં ઋષિ કર્દમ પ્રત્યે સ્નેહ અને આદરના અંકુર ફૂટ્યા. તેણે વિચાર્યું : 'લગ્ન એ કંઈ સ્ત્રી અને પુરુષના સહજીવન માટે એક સામાજિક વ્યવસ્થા નથી. લગ્ન તો એક પવિત્ર સંસ્કાર છે અને પ્રેમદ્વારા દંપતિના આત્માઓનું ઐક્ય સાધવાનો તેની પાછળ આદર્શ છે. પુરુષ નારીને કેવળ પત્ની ના સમજે, પણ નારીશક્તિના વિરાટ રૂપને, તેના મધુમય અંતરને, તેના પાવનશીલને સમજે અને સન્માને.

સ્ત્રી પુરુષને કેવળ પતિ તરીકે ન સમજે. પોતાના પ્રિયતમ પુરુષની મહાન શક્તિને—પરાક્રમને અને તેની સત્યતાનું અવગાહન તથા અવલોકન કરે—હૃદયંગમ બનાવે. આવું મંગલ લગ્ન-ભાવનાવાળું દામ્પત્યજીવન સરસ, સુંદર, પ્રેરક, પુષ્પિત, સુખમય અને મધુમય બને. પોતાની આ ભાવનાને સાકાર બનાવી શકે એવા પતિ તરીકે દેવહૂતિએ મહર્ષિ કર્દમને માન્યા, તેમની સાથે લગ્ન કરવાની ઇચ્છાને તેણે પોતાના માતાપિતા સન્મુખ પ્રગટ કરી. રાજા મનુ અને રાણી શતરૂપા પુત્રી દેવહૂતિ સાથે મહર્ષિ કર્દમના આશ્રમે ગયા. પોતાની પુત્રી દેવહૂતિ સાથે લગ્ન કરવાના પ્રસ્તાવને તેમણે રજૂ કર્યો. મહર્ષિ કર્દમે દેવહૂતિના સૌન્દર્ય અને સદ્‌ગુણો વિશે સાંભળ્યું હતું. દેવહૂતિને પ્રત્યક્ષ નિહાળતાં તેઓ તેના સ્નેહ, સેવા અને સમર્પણની ભાવનાને પામી ગયા. પરંતુ લગ્ન માટે સંમતિ આપતાં તેમણે એક શરત રજૂ કરીઃ લગ્ન પછી સંતાનપ્રાપ્તિ થતાં તેઓ સાંસારિક જીવનનો ત્યાગ કરીને સંન્યાસ ગ્રહણ કરશે. દેવહૂતિએ મહર્ષિની આ શરતને માન્ય રાખી.

અને વેદયુક્ત વિધિ અનુસાર રાજકુમારી દેવહૂતિ તથા મહર્ષિ કર્દમનાં લગ્ન થયાં. રાજભવનનો વૈભવ તજી દેવહૂતિએ તપોવનની પર્ણકુટીની સાદાઇ અપનાવી. તે તનમનથી પતિની સેવા કરવા લાગી. તેણે કામવાસના, કપટ, દ્વેષ, લોભ, મદ આદિ દુર્ગુણોને પોતાના મનમાં પણ આવવા દીધા નહિ. પવિત્રતા, ઉદારતા, સંયમ, શુશ્રુષા, પ્રેમ અને મધુર વાણી આદિ સદ્‌ગુણોનો વિકાસ સ્વાભાવિક રીતે તેના હૃદયમાં થતો રહ્યો. લગ્ન એટલે પ્રભુતા પામવી. આ સદ્‌ગુણો એ જ પ્રભુતા. તેણે પોતાના સદ્‌ગુણો અને પતિભક્તિથી પોતાના પરમ તેજસ્વી પતિને સંતોષ આપ્યો. આ પ્રમાણે પતિસેવામાં ઘણાં વર્ષો વીતી ગયાં.



દેવહૂતિની કઠોર તપશ્ચર્યા, સખત વ્રતપાલન અને સમર્પણની ભાવનાથી સભર એવી ભક્તિ મહર્ષિના ધ્યાનમાં આવી. માટે અનેક કષ્ટો સહન કરી સેવા કરી રહી હતી. તે ગાત્રોને ગાળી રહી હતી. આથી એ પ્રેમાળ પતિને ઘણો ખેદ થયો. પોતે તપસ્વી હતા, અનેક સિદ્ધિઓ તેઓ પામ્યા હતા. તેમણે દેવહૂતિને દિવ્ય શક્તિનું પ્રદાન કર્યું. દેવહૂતિને આ દિવ્ય શક્તિ મિથ્યા લાગી. તે તો માનતી હતી તે નારીત્વનું સાફલ્ય તો માતૃત્વમાં છે. તેણે પતિને જણાવ્યું કે ગૃહસ્થાશ્રમની સાચી શોભા સંસ્કારી સંતાનો જ છે. શ્રેષ્ઠ પતિ દ્વારા ઉત્તમ સંતાનની પ્રાપ્તિ એ જ સ્ત્રીનું પરમ સૌભાગ્ય છે.

અને મહર્ષિ કર્દમે પોતાની અમોઘ શક્તિથી એક વિમાનનું નિર્માણ કર્યું. ચક્રવર્તી ભૂપતિના રાજભવનની સમૃદ્ધિને આંબી જાય એવી સમૃદ્ધિ હતી, અપાર વૈભવ હતો, સલુણી સાહ્યબી હતી. આ વિમાનમાં તેમણે ત્રિલોકના રમણીય પ્રદેશોમાં વિહાર કર્યો. પુરુષધર્મ અને પ્રકૃતિધર્મનો સમુલ્લાસ ઉજવ્યો.

આ પછી દેવહૂતિની કુખે નવ કન્યાઓ અવતરી. આ કન્યાઓ અત્યંત રૂપવંતી હતી.

દેવહૂતિને સંતતિ થતાં મહર્ષિ કર્દમ પોતાની શરત અનુસાર સંન્યસ્ત માટે તૈયાર થયા. હવે દેવહૂતિનું નમ્ર નારીત્વ ઝળહળી ઊઠ્યું. તેણે પતિને કહ્યું :

'પ્રભુ, વચન પ્રમાણે આપે મારી ઇચ્છા સંતોષી છે; એટલે આપ હવે સંન્યસ્ત સ્વીકારી અરણ્યમાં ચાલ્યા જાઓ એમાં કંઇ અજુગતું નથી. આમ છતાં એક પત્ની તરીકે મારે આપને એક બે વાતો કહેવાની છે; એ ધ્યાનમાં લઇ આપને યોગ્ય લાગે તેમ કરો.

આપણી આ કન્યાઓ મોટી થાય એટલે યોગ્ય વરના હાથમાં તેમને સોંપી દેવી એ પિતાનું કર્તવ્ય છે. આપનું એ કર્તવ્ય આપે પાર પાડવું જોઇએ. તદુપરાંત આપના વનમાં ચાલ્યા ગયા પછી મારા જન્મમરણરૂપી શોક અને બંધનને દૂર કરનાર કોઇ તો મારી પાસે રહેવું જ જોઇએ ને? કન્યાઓ તો આજે છે ને કાલે નથી. માટે સંસારબંધનમાંથી હું મુક્ત બનું એવું મને જ્ઞાન આપે એવો પુત્ર મારે જોઇએ. બસ આટલી મારી વાંછના છે.'

સિતારના તાર પર ઘાત થયો, ઝંકાર જાગ્યો. મહર્ષિનું હૃદય દ્રવી ઊઠયું. તેમણે કહ્યું : 'દેવી, તમે કોઇ જાતની ચિંતા ન કરો. મનમાં કોઇ પ્રકારનો ક્લેશ ન આણો. થોડા જ દિવસોમાં સાક્ષાત્ પ્રભુ તમારી કુખે જન્મ લેશે. હવે તમે સંયમ, નિયમ, તપ, દાન, આદિનું પાલન કરતાં શ્રદ્ધાભક્તિપૂર્વકની આરાધના કરતાં રહો.'

તપોબળે ઉદાત્ત આશીર્વાદ, શ્રદ્ધાભરી આરાધના અને ઉત્કૃષ્ટ ઉપાસના! દેવહૂતિના ગર્ભમાં ભગવાનના અંશનું બીજ રોપાયું.

શ્રીરામને જન્મ અર્પનાર માતા કૌશલ્યાનું માતૃત્વ એટલે સત્યનું અવતરણ. શ્રીકૃષ્ણને જન્મ અર્પનાર માતા દેવકીનું માતૃત્વ એટલે કર્તવ્યનું અનન્ય ગીતાગાન. એ પ્રમાણે, ભગવાન વિષ્ણુના પાંચમા અવતાર કપિલ મુનિને જન્મ અર્પનાર માતા દેવહૂતિ એટલે જ્ઞાનનો આવિષ્કાર.

આજ અરસામાં નવ પ્રજાતિઓની સાથે બ્રહ્મા કર્દમ ઋષિના આશ્રમમાં આવ્યા. બ્રહ્માએ દેવહૂતિને તેમની નવે સદ્‌ગુણી કન્યાઓને આ નવે પ્રજાપતિઓ સાથે પરણાવી દેવા કહ્યું. બ્રહ્માનું કહેવું સાંભળી કર્દમ ઋષિ અને દેવહૂતિને અપાર આનંદ થયો. પોતાની કન્યાઓ માટે પ્રજાપતિઓ જેવા સુંદર વર તેમને બીજે



ક્યાં મળવાના હતા? એ નવે કન્યાઓને પ્રજાપતિઓ સાથે પરણાવામાં આવી. આ રીતે કલા મરીચિને, અનસૂયા અત્રિને, શ્રદ્ધા અંગિરાને, હુવિર્ભૂ પુલસ્ત્યને, ગતિ પુલહને, ક્રિયા ક્રતુને ખ્યાતિ ભૃગુને, અરુંધતી વસિષ્ઠને અને શાંતિ અથર્વનને પરણાવવામાં આવી. આ સમૂહ લગ્નના મહોત્સવમાં સર્વપ્રથમ સપ્તપદીની પ્રતિજ્ઞાઓનું સર્જન થયું. સપ્તપદી એ વિવાહસંસ્કારનો કળશ છે. જેમ કળશ વગર મંદિર અધૂરું તેમ સપ્તપદી વગર વિવાહસંસ્કાર અધૂરો. સપ્તપદી એટલે મૈત્રીભાવની લીધેલી દીક્ષા. સપ્તપદી એટલે આત્મસમર્પણની પ્રતિજ્ઞા. સપ્તપદી એટલે ઐક્યભાવની તાદૃશતા.

કાળની ગતિ અકળ છે. શુભ મુહૂર્તમાં દેવહૂતિની કુખેથી ભગવાન વિષ્ણુના પાંચમા અવતાર કપિલ મુનિનો જન્મ થયો.

કપિલ મુનિ મોટા થયા અને સંસારનો ભાર ઉપાડે તેવા થયા, એટલે કર્દમ મુનિ વિરક્ત સંન્યાસી બનીને અરણ્યમાં ચાલ્યા ગયા અને સર્વત્ર વ્યાપી રહેલા પ્રભુનો અનુભવ કરીને પરમ પદને પામ્યા. દેવહૂતિને પણ સાંસારિક વિષયોની અસારતાનું જ્ઞાન થયું જ હતું. તેમણે પોતાના પુત્ર કપિલને ગુરુ કર્યા અને તેમની પાસે જ બોધ લેવા માંડયો. આપણા ગુજરાત માટે ગૌરવની વાત છે કે સરસ્વતી નદીને તીરે આવેલા આપણા પરમ તીર્થ સિદ્ધપુરમાં જ કપિલ મુનિએ પોતાની માતા દેવહૂતિને યોગ, જ્ઞાન અને ભક્તિનો અમૂલો ઉપદેશ આપ્યો હતો. કપિલ મુનિએ પોતાની માતા દેવહૂતિને કરેલો જ્ઞાનોપદેશ આપણા ધર્મગ્રંથોમાં અમર છે. તેમનો આ ઉપદેશ શ્રીમદ્ ભાગવતના ત્રીજા સ્કંધના પચીસમા અધ્યાયથી શરૂ થાય છે. આત્મકલ્યાણની ઇચ્છા સેવ-

નારને પરમ તૃપ્તિ આપે એવો આ ધર્મસાર છે. પૂજનીય સંત ડોંગરેજીએ આ ધર્મસારને મિતાક્ષરીમાં આ પ્રમાણે સમજાવ્યો છે: 'સમ્યગ્ જ્ઞાન, સમ્યગ્ દર્શન અને સમ્યક્ ચરિત્ર જ મોક્ષનો માર્ગ છે?

દેવહૂતિ આપણા પૌરાણિક નારીપાત્રોની ભવ્યતાનો માપદંડ છે. નારીત્વનાં મુખ્ય ત્રણ સ્વરૂપ : પુત્રી, પત્ની અને માતા. એક પુત્રી તરીકે તે સંસ્કારિતાના સ્વસ્તિક સમાન ઓપી રહી છે. એક પત્ની તરીકે તે સ્નેહ, સેવા અને સમર્પણની ભક્તિના મંગલદીપ પેઠે ઝળહળી રહી છે. અને એક માતા તરીકે ધરતી, સરિતા અને ઉષાના જીવનસંદેશને સુહાવતી કસુંબી ધજા પેઠે ફરફરી રહી છે. સતીત્વ માટે અનસૂયા અને અરુંધતી ભારતીય સંસ્કૃતિમાં પૂજનીય છે, ત્યારે આ સતીઓની જનેતા દેવહૂતિ તો સતીત્વની ભવ્ય પરાકાષ્ઠા છે.

માનવસમૂહના આચાર અને વિચારનો સરવાળો એટલે સંસ્કૃતિ. સંસ્કૃતિનું નિર્માણ કરવાનું સામર્થ્ય સંયમમાં છે. સંયમના પ્રભાવથી રચાયેલી સંસ્કૃતિ પ્રભાવશાળી અને દીર્ઘજીવી હોય છે. ભારતીય સંસ્કૃતિના નિર્માણમાં અમૂલ્ય ફાળો અર્પનાર માતા દેવહૂતિને શત શત વંદન હો!

['આકાશવાણી'ના સૌજન્યથી]

○



આધ્યાત્મિકતા

# એક વાસ્તવિક અનુભૂતિ

નારાયણ હ. જાની

ઘણીવાર માણસના જીવનમાં એવી ઘટનાઓ ઘટતી રહે છે કે તેનો કોઈ બુદ્ધિગમ્ય ખુલાસો અશ્રદ્ધાળુ માનવોને મળતો નથી. પરિણામે તેઓ પોતાની શક્તિ અને સૂઝને મહત્ત્વ આપી, પ્રયત્ન કરતા રહે છે, પરંતુ તેનું કોઇ સંતોષકારક પરિણામ હાંસલ થતું નથી, અને માણસ પોતાની સંપત્તિ ને શક્તિ ખર્ચવા છતાં પીડા સહન કરતો રહે છે. આવી એક ઘટનાની વાત રાજકોટના સાધક શ્રી મોહનભાઇ પટેલે કપૂરામાં પોતાના સાધનાત્મક અનુભવો વર્ણવતાં કહી.

શ્રી મોહનભાઇ વિષે સૌથી પહેલાં એ જાણી લેવું જરૂરી છે કે તેઓ એક સીધા, સાદા, સરલ અને શ્રદ્ધાળુ સાધક છે. વળી તેઓ નિવૃત્ત હોવાથી, પોતાનો ઘણો ખરો સમય જપ, ધ્યાન, સ્તોત્રપાઠ અને ગીતાના પારાયણમાં ગાળે છે. પરિણામે તેઓને પૂ. મા શ્રી સર્વેશ્વરીનાં ધ્યાન અને સ્વપ્નમાં દર્શન થતાં રહે છે. કદીક પૂ. મા તેઓને આવાં દર્શનો દરમ્યાન વાતચીત કરી માર્ગદર્શન પણ આપતાં રહે છે. શ્રી મોહનભાઇની પૂ. મામાંની શ્રદ્ધા ખૂબ અચલ છે, કારણ કે તે તેઓના પોતાના વ્યક્તિગત અનુભવો ઉપર પ્રસ્થાપિત થયેલી છે.

શ્રી મોહનભાઇએ વર્ણવેલી ઘટના કંઇક આવી છે.

થોડા મહિનાઓ પહેલાં તેઓનાં પુત્રવધૂને બન્ને પગે કાળા

ઢીંમણાં થઇ ગયાં. આ કોઇ લોહીના વિકારને લીધે કે ચામડીનો રોગ માની તે માટે ઘણા બધા દાક્તરો પાસે દવા કરાવી. પરંતુ તેનું કોઇ પરિણામ ના આવ્યું. શ્રી મોહનભાઇ પણ આ અજનબી બિમારીથી વ્યથિત હતા. ત્યાં એક દિવસ પૂ. માએ તેઓને ધ્યાન દરમ્યાન અનુભવ આપી કહ્યું કે "બિમારી કોઇ શારીરિક વ્યાધિ નથી. પરંતુ પિતૃદોષને લીધે થયેલ છે." પરંતુ તેમનાં પુત્રવધૂએ આવી કોઇ વાત તેઓ માનતાં નથી, એમ કહ્યું. હતાં તેથી તેમણે તે પિતૃદોષનું પરિણામ હોઇ શકે તે સ્વીકારવા કે તે અંગે કોઇ વિધિ કરવા ઇન્કાર કરી દીધો. આથી શ્રી મોહનભાઇ તો બિચારા શું કરે! તેઓને તો જે અનુભવ થયેલો તે વાત જ તેઓએ કરેલી. એથી તેઓએ તે પછી મૌન સેવ્યું.

આજના યુગના મોટાભાગના માણસો એવું માને છે કે ઇન્દ્રિયો અને મન—બુદ્ધિવડે જેટલું જોઇ, જાણી, કે સમજી શકાય તે જ સાચું. તે સિવાયનું કોઇ સત્ય હોઇ ન શકે. પરંતુ આ જગતનાં અતિમનસ કે આધ્યાત્મિક સત્યોનો અનુભવ કેવળ ઇન્દ્રિયો કે મનથી નથી જાણી કે સમજી શકાતો, તે વાત તેઓ ભૂલી જાય છે. ખેર, એથી એવાં સત્યોનો અનુભવ કરનાર વ્યક્તિને તો કોઇ નુકસાન નથી થતું, પરંતુ માનવા જેવી જે વાતો છે, તે ન માનવાથી માણસને જે નુકસાન થાય, તે ન માનવા જેવી વાતો કદાચ માની લેવાથી જે નુકસાન થાય, તે કરતાં ઘણું વધારે હોય છે.

એ પછી માર્ચની ૮ તારીખે એક વિચિત્ર ઘટના બની. શ્રી મોહનભાઇનાં પુત્રવધૂના બંને પગ તેમની હલનચલન શક્તિ અચાનક ગુમાવી બેઠા. વહેલી સવારે જોયું તો તેમનાથી પથારી-માંથી બેઠાં થઇ ચલાય જ નહિ! આમ અચાનક તેમને શું થઇ



ગયું તે તેમને સમજાયું નહિ. તેની પીડા પણ થવા લાગી. શ્રી મોહનભાઇનાં પત્નીએ તેઓને જ્યારે આ વાત કરી ત્યારે તેઓ ઘડીભર મૂંઝાઇ ગયા. તેઓની મૂંઝવણનું મુખ્ય કારણ એ હતું કે બીજા દિવસે તેઓને કપૂરામાં શ્રી ઈશ્વરભાઇ ભક્તે આયોજન ભાગવત સમાહ માટે નીકળવાનું હતું, અને પુત્રવધૂની સ્થિતિ આવી હોય તો તેમને તેવી હાલતમાં એકલાં મૂકી તેઓ પોતાની પત્ની સાથે કપૂરા જવા કેમ નીકળી શકે? શ્રી મોહનભાઇની માનસિક ઇંતેજારી પૂ. માના જન્મસ્થાનને જલ્દીથી જોવાની હતી, અને તેમાં આ વિઘ્ન અચાનક આવી પડયું, એટલે તેઓને દુઃખ થાય એ સ્વાભાવિક હતું. વળી તે દિવસોમાં તેમનો પુત્ર પણ ધંધાર્થે બહારગામ ગયેલ હતો. એક શ્રદ્ધાળુ માણસ આવી પરિ-સ્થિતિમાં બીજું શું કરે? પૂ. મા તેમને માટે સંત, આરાધ્ય કે ઇષ્ટ, જે ગણો તે છે. એટલે દાક્તરી ઉપાય સાથે પૂ. માનું રાજકોટમાં શ્રી જે. કે. ને ત્યાં જે મંદિર છે ત્યાં તેઓ પહોંચી ગયા અને પૂ. માને ઉત્કટ ભાવે બે કલાક સુધી પ્રાર્થના કરી. તે પછી ત્યાં શ્રી લતાબેનને જે બન્યું હતું તેની વાત કરી ને ઘરે આવ્યા.

બપોર પછી શ્રી લતાબેન તે બેનની ખબર પૂછવા શ્રી મોહનભાઇને ત્યાં આવ્યાં. શ્રી જે. કે. ના પરિવારમાં શ્રી લતાબેન પણ પૂ. મા શ્રી સર્વેસ્વરીમાં ખૂબ શ્રદ્ધાભક્તિ ધરાવનાર વ્યક્તિ છે અને મંદિરમાં પૂ. ગુરુદેવ અને પૂ. માની સેવાપૂજાનો સર્વ કાર્યભાર તેઓ સંભાળે છે. તેઓએ શ્રી મોહનભાઇનાં પુત્રવધૂને કહ્યું, 'પૂ. માનું નામ દઇ, પલંગમાંથી નીચે પગ મૂકીને જરી ઊભાં તો થાઓ. આથી તેઓએ તેમ કર્યું તો તેમનાથી ઊભા થવાયું અને થોડાં ડગલાં ચલાયું પણ. તેથી તેમને આશ્ચર્ય અને આનંદ બન્ને થયાં. જે અંગ એકદમ અકડાઇ ગયેલું તે આમ છૂટું

કેવી રીતે થઈ ગયું, તે શ્રી મોહનભાઈનાં પુત્રવધૂને પહેલાં તો સમજાયું નહિ. પરંતુ હવે તો તે હકીકત બની ચૂકી હતી. એટલે શંકા કરવાનું કોઈ કારણ ન હતું. શ્રી લતાબેને શ્રી મોહનભાઈના પુત્રવધૂને જરા સારું થતાં પૂ. મા શ્રી સર્વેશ્વરીના મંદિરે આવી પૂ. માનાં દર્શન કરી જવાની સૂચના કરી; પોતે ઘરે ગયાં.

પોતાની પ્રાર્થનાના પ્રત્યુત્તરરૂપે કે ગમે તે રીતે આમ થોડા કલાકોમાં જ પોતાની પુત્રવધૂને સારું થયેલું જોઈ શ્રી મોહન-ભાઈને ખૂબ આનંદ થયો. તેમને લાગ્યું કે પ્રાર્થના સંભળાય છે જરૂર. તેના લીધે જ બીજા દિવસે નીકળીને તેઓ પોતાની પત્ની સાથે કપૂરા આવી શક્યા. પૂ. માની કૃપાનો આ પ્રસંગ શ્રી મોહન-ભાઈએ પોતાના સ્વમુખે કહ્યો.

તે પછી તા. ૫–૪–૯૬ ના રોજ શ્રી મોહનભાઈએ અંબાજી-થી પત્ર દ્વારા અમને જણાવ્યું કે "વહુને જે દર્દ છે તે પિતૃની તરષના (તૃષ્ણા)ને કારણે છે તે વાત અગાઉ તમોને કહેલી. એ તૃષ્ણા નિવારણ માટે શ્રી કલોલાભાઈ, મુ. શ્રી ઈશ્વરકાકા અને અણારાં ત્રણ કુટુમ્બો નારણબલિ કરાવવા ૩૧–૩–૯૬ ના રોજ વડોદરા (ચાણોદ–કરનાળી) ગયાં હતાં. ત્યાં શ્રાદ્ધ સમાપ્તિ વખતે મારા શરીરમાં મારા નાના ભાઈ હેમરેજ યુવાનીમાં અકસ્માતમાં ગુજરી ગયેલા તેનું પ્રાગટય થયું. નામ સહિત બોલ્યા. આમ જવાબ મળી ગયો ને તૃપ્ત થયા."

વળી શ્રી મોહનભાઈએ વિશેષમાં લખ્યું છે કે "તા. ૩૧–૩–૯૬ ના રોજ જ્યારે કાર્ય માટે જવાનું હતું તે રાતે સ્વપ્નમાં પૂ. માનું દર્શન થયું. પૂ. મા નારણબલિની વિધિ પોતે મને કરાવતાં હતાં. ગણપતિ પિતૃદેવની પૂ. મા સ્તુતિ બોલતાં હતાં. આમ શ્રાદ્ધમાં જવાબ મળી ગયો."



સંભવ છે કે કોઈકને આમાં પૂ. માની પ્રશસ્તિ કરવાનો કે ખોટી અંધશ્રદ્ધાને પોષવાનો હેતુ દેખાય. પરંતુ અમે તો આમાં જે શ્રી મોહનભાઈની વાત છે, તેને જ આલેખી છે. એટલે અમારા આ આલેખનને પેલા પરચા અપરંપાર સાથે સરખાવવાની અપા-વવાની ચેષ્ટા ના કરે, એવી વિનંતિ છે.

આવી જ એક બીજી સત્ય ઘટના અમે જે સાંભળી તે અત્રે આલેખીએ છીએ.

૧૦ મે, ૧૯૯૬ ના દિવસ એક પરિચિત બહેનની અચાનક મુલાકાત થઈ ગઈ. તેમને મેં જણાવ્યું કે "ચાલો અમારે ઘરે. અમારું ઘર નજીકમાં જ છે." એટલે તેઓ અમારા ત્યાં આવતાં જ બોલ્યાં, "અરે, તમારે ઘરે તો હું અગાઉ આવી ગઈ છું."

મેં પૂછ્યું, "ક્યારે?"

"પૂ. મા ફેબ્રુઆરી ૯૪ માં આવેલાં ત્યારે."

"ઓહ! તો પૂ. માને તમે જોયાં છે, એમને!" તેમણે કહ્યું, "મેં પૂ. માને જોયાં છે એટલું જ નહિ, પરંતુ તેઓ ખરેખર એક દિવ્ય વિભૂતિ છે, તેનો મને પ્રત્યક્ષ અનુભવ પણ છે. હું તેઓને મા જગદંબા કે માનવશરીરધારી મા ભગવતી જ માનું છું."

મેં તેઓને પૂછ્યું, "રમાબેન, તમને વાંધો ન હોય તો પૂ. માની તમોને જે અનુભૂતિ થઈ તે અમને કહો."

શ્રી રમાબેને જે વાત કરી તે આ પ્રમાણે હતી.

પૂ. માનાં, એક અનન્ય ભક્ત બેન સાથે હું ફેબ્રુઆરી ૯૪ માં તમારે ત્યાં આવેલી. ત્યારે પૂ. માનો મુકામ તમારા મેડા ઉપર હતો. પૂ. મા મેડા ઉપરના હોલના હીંચકા ઉપર વિરાજેલાં હતાં. અંદર

આવી પૂ. માથી થોડે દૂર તેઓના સામે હું બેઠી. અહીં આવતાં પહેલાં પૂ. માના ઉપવાસો અને પાણી વગરના ઉપવાસો વિષે મેં સાંભળેલું. અમે જૈનધર્મ પાળીએ છીએ. એટલે અમો ઉપવાસો, એકટાણાં કરતાં હોઇએ છીએ. તો કદીક પર્યુષણમાં આકરા ઉપવાસો કરવાનો અનુભવ પણ લીધેલો. એટલે અન્ન વગર રહેવું અને તેમાંય પાણી વગરના ઉપવાસો કરવા કેવા કઠિન હોય તેનો મને જાત અનુભવ પણ ખરો."

"આથી પૂ. માને મેં જોયાં ત્યારે તેમના મુખ પરની પ્રસન્નતા અને તેમની સ્ફૂર્તિ જોઇ મને આશ્ચર્ય થયું. મનમાં શંકા થઇ કે આટલા બધા ઉપવાસો પછી આવી પ્રસન્નતા, સ્ફૂર્તિ કે શક્તિ રહે ખરાં? મારો અનુભવ તો એથી જુદો હતો. એટલે શું ખરેખર આ સાચું હશે?"

આવી આવી શંકાઓ મનમાં ઊઠતી રહી. ત્યાં અચાનક પૂ. મા હીંચકા ઉપરથી ઊઠી અંદરના ઓરડામાં કંઇક કામ માટે ગયાં. હવે મારી શંકાને પુષ્ટિ આપતા વિચારો મનમાં ઊઠવા લાગ્યા. થયું કે બહાર બધાંને ભલે કહે પાણી પણ નથી લેતાં પરંતુ અંદરના ઓરડામાં જઇ છાનાંમાનાં પાણી કે દૂધ લેતાં હશે. બહાર રહેતાં માણસોને એની શું ખબર પડે?

"બસ. મને આવો વિચાર આવતાં જ એક અદ્‌ભુત ઘટના બની. મારી બંને આંખે મને એકદમ દેખાતું બંધ થઇ ગયું. હું આથી ખૂબ મૂંઝાઇ ગઇ. મને કંઇ ખબર ન પડી કે આવું અચાનક મને કેમ થઇ ગયું! હવે હું શું કરીશ? ઘરે શી રીતે જઇશ? એની ચિન્તા થવા લાગી.

પરંતુ ભગવાનની કૃપાથી કે કેમ, મને એવો વિચાર સ્ફુર્યો કે



મેં પૂ. મા શ્રી સર્વેશ્વરી વિષે આવી શંકાઓ કરી તેઓનો માનસિક અપરાધ કર્યો એટલે તો મને આવું નહિ થઇ ગયું હોય? મારું મન પણ એવું જ કહેવા લાગ્યું ને બીજી જ ક્ષણે મેં પૂ. માને આંખમાં આંસુ સાથે હૃદયના ઊંડાણમાંથી પ્રાર્થના કરવા માંડી. મહાજ્ઞાનીની આશાતના થઇ હોય કંઇ કુવિચાર આવ્યો હોય તો તે ત્રિવિધે ત્રિવિધે મિચ્છામિ દુકડમ્. હે મા, મારાથી આવી ખોટી શંકાઓ તમારા વિષે થઇ ગઇ તો મને ક્ષમા કરો. હું આવી ભૂલ કદી નહિ કરું." આમ મેં પૂ. માની ક્ષમા માગી. મારી આ પ્રાર્થના પંદરેક મિનિટ ચાલતી રહી.

તે પછી પૂ. મા પાછા હોલમાં આવી હીંચકા ઉપર બેઠાં, એવો મને ભાસ થયો. એટલે મેં ખૂબ પશ્ચાત્તાપપૂર્વક પૂ. માના ચરણઓમાં પ્રાર્થના કરવા માંડી. તો થોડી જ ક્ષણોમાં મને મારી દૃષ્ટિ પાછી મળી ગઇ! પૂ. માને હું જોઇ શકી ને મને આનંદ આનંદ થઇ ગયો. આ ન કલ્પી શકાય એવી અનુભૂતિથી પૂ. મા તરફ મને અનન્ય સમર્પણ અને શ્રદ્ધા પ્રગટ થઇ. વળી ભવિષ્યમાં કદી કોઇ મહાજ્ઞાનીની આવી આશાતના (અશ્રદ્ધા કે આશંકા) ના થાય તેવો નિર્ણય કર્યો.

તેમની વાત સાંભળી મેં શ્રી રમાબેનને પૂછ્યું, "દેખાતું બંધ થયું છે એ શું તમારી ભ્રમણા ન હોઇ શકે?"

"ના રે ના. તેને ભ્રમણા કેમ કહેવાય? હું તદ્દન જાગ્રત હતી અને અંધાપાની મારી અનુભૂતિ ક્ષણ બે ક્ષણની નહિ, પરંતુ પૂરી પંદર વીસ મિનિટની હતી. બીજાઓ માને કે ના માને, પરંતુ પૂ. માની દિવ્યશક્તિનો મને જે અનુભવ થયો તેમાં મારે શંકા કરવાનું કોઇ કારણ નથી. તે દિવસથી પૂ. માને હું ખૂબ ખૂબ યાદ કરું છું. મનથી તેમના એ ભગવતી સ્વરૂપને વંદતી રહું છું."

આ શબ્દો કહેતાં શ્રી રમાબેનની આંખોમાં અને મુખ ઉપર જે જાત અનુભૂતિનો રણકો અને ભાવ હતો તે અમોને પણ ઘડીભર પ્રભાવિત કરી ગયો. શ્રી રમાબેનને થયેલી આવી દિવ્ય અનુભૂતિ માટે અમે મનોમન તેમને વંદી રહ્યા અને પૂ. માની આવી દિવ્યશક્તિની વાત સાંભળી, અમારા હૃદયના ખૂણેખાંચરે પડેલા અશ્રદ્ધાના ઓળાઓ ક્યાંય અદૃશ્ય થઇ ગયા!

શ્રી રમાબેનના શબ્દોમાં અશ્રદ્ધા કરવાનું અમારે માટે કોઇ કારણ નથી. તેઓનું વય ૫૫ વર્ષ ઉપરનું છે. તેઓ ખૂબ શ્રદ્ધાળુ સાત્ત્વિક વ્યક્તિ છે. અપરીણિત છે ને શિક્ષિકા છે. ગીતામાં પણ કહ્યું છે કે 'શ્રદ્ધાવાન્ લભતે જ્ઞાનમ્.' તે ઉક્તિ તદ્દન સાચી લાગી.

શ્રી રમાબેનના આ અનુભવ અંગે થોડા દિવસ પછી અમારા આદરણીય અને શાસ્ત્રજ્ઞાતા શ્રી જનાર્દનભાઇ દવે સાથે ફોન ઉપર વાત થઇ. તો તેઓએ કહ્યું, 'માણસની અશ્રદ્ધા અને સંશયોનું નિવારણ બે રીતે જ થાય. એક તો પ્રમાણથી (એટલે શાસ્ત્રોથી) અને બીજું સંશયોનું નિવારણ પ્રમેય એટલે આવી પ્રત્યક્ષ અનુભૂતિથી. જે વ્યક્તિને આવી અનુભૂતિ થઇ જાય તે ખરે જ ભાગ્યશાળી કહેવાય, નહિ તો આવા સંશયોનું નિરાકરણ કે નિરસન વર્ષો તો શું, પણ જન્મો સુધી નથી થતું. પરિણામે સંશયશીલ વ્યક્તિમાં કદી સાચી શ્રદ્ધા જન્મતી નથી. અને અસંશયી વ્યક્તિને જ્ઞાન કે શાન્તિ કદી મળતાં નથી. એટલે કદી ખોટી અશ્રદ્ધા કે સંશયોના ભોગ ન બનાય તેનું માણસે હમેશાં ખાસ ધ્યાન રાખવું જોઇએ. એટલે જ કહેવાયું છે. સંશયાત્મા વિનિશ્યતિ.

શ્રી જનાર્દનભાઇનું માર્ગદર્શન અધ્યાત્મના પ્રવાસીઓ માટે ખરે જ માર્ગદર્શક હોઇ અમે અત્રે ઉલ્લેખ કર્યો છે. □



### ઉપનિષદોમાં વ્યક્ત થતી

# શાન્તિ ભાવના (૧)

ડો. ધર્મેન્દ્ર મ. માસ્તર (મધુરમ્)

## ઉપનિષદ્–અર્થ ને મહિમા

ધર્મોપદેશના ત્રણ પ્રકારના ગ્રંથોમાં ચિંતનપ્રધાન, વાર્તાપ્રધાન અને ગીત–ભજન જે પ્રવર્તે છે તે પૈકી ઉપનિષદો ચિંતનપ્રધાન ગ્રંથો છે અને તેની ભાષા સરળ, મધુર, પ્રવાહી અને મહદંશે સુબોધ હોય છે. ઉપનિષદ્ એટલે उप (પાસે) + निषद (બેસવું તે). તાત્પર્ય કે સંત, જ્ઞાની ને અનુભવી મહાન પ્રાજ્ઞ પુરુષોની પાસે બેસીને જિજ્ઞાસુઓએ જે જ્ઞાન મેળવ્યું તે જ્ઞાનનો સંગ્રહ જેમાં હોય છે તે ઉપનિષદ્. બીજી રીતે જોઇએ તો પરમાત્માની પાસે પહોંચવાની ને તેનો સાક્ષાત્કાર કરવાની સાધના કરનાર મહાપુરુષોના તદ્‌વિષયક સાધનાગત અનુભવજ્ઞાનનો નિચોડ જેમાં હોય તે ઉપનિષદ્. આ જ્ઞાન પરંપરાગત રીતે વારસાગત ઢબે ઊતરી આવેલું હોય છે. એ જ્ઞાન ચંચળમનની ક્ષણ ક્ષણ કરતી અનંત વૃત્તિઓને મનનદ્વારા શુદ્ધ ને સ્થિર કરવામાં મદદરૂપ થાય છે અને તે ધર્મ, જાતિ, રંગ ને દેશના બાહ્ય ભેદભાવને ઓગાળીને માનવમાત્રને 'એકસાથે બેસાડી' આંતરિક રીતે એકત્ર કરે છે. તે માત્ર માનવોને નહિ, પણ પ્રાણી જીવમાત્રને સ્પર્શે છે અને આત્મોન્નતિમાં ઉપયોગી થાય છે.

આમ તો ઉપનિષદો ૧૦૮ કરતાં ય વધુ છે અને તે પૈકી કેટલાંક તો તેમના ઉપદેશક ઋષિઓના નામથી ઓળખાય છે. આમ છતાં, મુખ્યત્વે તો દસ ઉપનિષદો મહત્ત્વનાં ગણાય છે અને

એ પૈકી ઘણામાં ભારતીય સંસ્કૃતિના મર્મ મંત્ર શી શાંતિની ભાવના પ્રગટ થયેલી નજરે પડે છે.

**શાંતિમંત્ર–પ્રકાર, મહત્ત્વ, હાર્દ ને ભાવાર્થ.**

શાંતિનો મહાન ઉપદેશમંત્ર ભારતવર્ષનો આગવો ને ભારતીય સંસ્કૃતિના આદિ સુવર્ણકાળમાં ભારતે આ જન્મસિદ્ધ મંત્રનો જયઘોષ કરી જગતને દોરવણી આપી કહ્યું છે કે શાંતિવગર વ્યક્તિ કે સમષ્ટિની સંપૂર્ણતા નથી. જગજીવનની સઘળી પ્રવૃત્તિઓનું અંતિમ પૂર્ણવિરામરૂપ પરિણામ શાંતિ જ હોવું જોઈએ. અને એના પર અભિનિવેશ દેવા માટે અને શારીરિક, માનસિક અને આત્મિક એમ ત્રિવિધ શાંતિ સૂચવવા માટે ઉપનિષદ્‌ના શાંતિમંત્રમાં "ૐ **शांतिः शांतिः शांतिः**" એમ ઉપરાઉપરી ત્રણ વાર શાંતિ શબ્દનું પુનરાવર્તન કરવામાં આવ્યું છે. બીજી રીતે જોઈએ તો એ મંત્રદ્વારા ભૌતિક–સાંસારિક. પ્રાકૃતિક અને દૈવિક શાંતિની ય અભ્યર્થના કરવામાં આવી છે. એટલે આધિ, વ્યાધિ ને ઉપાધિમાંથી મુક્ત થઈ ત્રિવિધ શાંતિ સર્વને સર્વત્ર પ્રાપ્ત થાય એમ ઉપનિષદ્‌નો ઋષિ ઈચ્છે છે, કેમ કે તે માને છે કે માનવી પાસે બધું જ હોય પણ જો શાંતિ ન હોય તો તેનું જીવન અધૂરું ને અપંગ બની જાય છે, આમ, શાંતિમંત્રનો ભાવાર્થ છે કે સર્વે શારીરિક દુર્બળતા નિવારી શારીરિક શાંતિ, અસદ્‌ભાવો મનમાંથી કાઢી સાત્ત્વિક સદ્‌ગુણ–સદ્‌વિચારથી સંપન્ન એવી માનસિક શાંતિ તથા આંતરિક અજ્ઞાન સંકુચિતતા, અશુદ્ધિ ને વેરઝેર દૂર કરી પરમપ્રેમથી સભર એવી આત્મિક શાંતિ મેળવે અને સર્વ પ્રકારની શાંતિ પ્રાપ્ત કરી સુખી થાય.

ઉપનિષદ્‌ની શાંતિભાવનાની આવી પાશ્ચાત્ય ફિલસૂફીના સૂત્ર



'જીવો અને જીવવા દો' થી વિભિન્ન જાતની વિશિષ્ટતા છે. પાશ્ચાત્ય સંસ્કૃતિ પહેલાં 'જીવો કહે છે અને પછી 'જીવવા દો' કહે છે, પણ ભારતીય સંસ્કૃતિ તો એનાથી આગળ વધીને કહે છે કે બીજાને જીવાડીને જીવો. એટલું જ નહિ, બીજાને માટે મરવું પડે તો દધીચિ ઋષિ ને રંતિદેવની જેમ મરો ને પોતાના જીવનને ભોગે પણ બીજાને જીવન દો. આમ, પોતે સહન કરી, ઘસાઈ કે દુઃખ વેઠીને ય બીજાને સુખશાંતિમય જીવન દેવાનો આદેશમંત્ર ભારતીય સંસ્કૃતિ વિશિષ્ટ રીતે પ્રબોધે છે. અને એમાં જ એનું હાર્દ સમાયેલું છે. એ ઇચ્છે છે પહેલાં બીજાની સુખશાંતિ અને પછી પોતાની સુખશાંતિ.

સાથે સાથે એ શાંતિપાઠની બીજી ભાવના છે સર્વજનોના જીવનને મંગળમય કરવાની કામના. એ માટે ઋષિ સુદૃઢ બળવાન શરીર ને શુદ્ધ પવિત્ર મન વાંછે છે અને પ્રભુની પ્રસન્નતા પ્રાપ્ત કરવા ઉપલબ્ધ જીવનમાં સારા હિતકારી જનકાર્યો કરવાની ભાવના તે સેવે છે.

**કેનઉપનિષદ્**

પ્રમાણમાં નાના ને ભાવ તથા ભાષાની દૃષ્ટિએ સરળ એવા કેનઉપનિષદ્‌માં પ્રારંભમાં જ સુંદર ને ભાવપૂર્ણ ઉત્તમ રીતે ઋષિ શાંતિની કામના કરતાં કહે છે : "મારાં અંગો પ્રફુલ્લ ને સ્ફૂર્તિવાળાં થાઓ. વાણી, આંખ ને મારો પ્રાણ બળવાન બનો. સર્વે ઇન્દ્રિયો પોતપોતાના કામમાં શાંતિપૂર્વક મગ્ન થાવ. પરમાત્મા મારાથી દૂર ન થાય ને હું પણ પરમાત્માથી અલગ ન થાઉં. ઉપનિષદ્ કથિત ગુણધર્મો ને જ્ઞાનનાં રહસ્યો મારા જીવનમાં સાકાર થાવ."

આની વિશિષ્ટતા એ છે કે એમાં શરીર, મન ને આત્મા એમ ત્રણેના આવશ્યક સમતોલ વિકાસ પર ભાર મૂકાયો છે. જ્ઞાનને

નામે શરીરની ઉપેક્ષા ન થવી જોઈએ, કેમ કે શરીર તો પરમાત્માનું મંદિર ને લોકકલ્યાણ માટેનું સાધન છે એટલે શરીરને સુંદર નીરોગી ને સ્વચ્છ રાખવાની જરૂર અહીં દર્શાવાઇ છે. વળી શરીરમાં આસક્ત થઈને આત્માથી તદ્દન વિમુખ બનવામાં જેમ શોભા નથી, તેમ પરમાત્મામાં મગ્ન બની શરીર–મનની શુદ્ધિ–સંભાળ તરફ બેદરકારી સેવવી પણ યોગ્ય નથી. એમ કહીએ બંને છેડા તજીને ઉત્તમ આદર્શ જીવન માટે બંનેનો સમન્વય સાધવાનો સુવર્ણબોધ અહીં અપાયો છે.

### કઠઉપનિષદ્

કેન ઉપનિષદ્‌માં ઋષિ આરંભમાં શાંતિની ઉત્તમ ભાવના પ્રબોધે છે તો કઠઉપનિષદ્‌માં ઋષિ તેની પૂર્ણાહુતિ શાંતિની ઉદાત્ત ભાવના પ્રબોધીને કરે છે, એમાં પ્રબોધેલ શાંતિભાવના પ્રખ્યાત ને સર્વોત્કૃષ્ટ છે :

ॐ सहना ववतु, सह नौ भुनक्तु ।
सह वीर्यं करवा वहै, तेजस्विनावधीतमस्तु ॥
मा विद्विषावहै ॥ ॐ शांतिः शांतिः शांतिः ॥

તાત્પર્ય કે "અમે સૌ સાથે સાથે વિકાસ કરીએ. પરમાત્મા અમારું સાથે રક્ષણ કરો, ને અમારું સાથે સાથે પાલન કરો. અમે સાથે સાથે સામર્થ્ય મેળવીએ. અમારું જ્ઞાન તેજસ્વી બનો. અમે કોઈનો પણ દ્વેષ ન કરીએ ને સૌના પર પ્રેમ રાખી ત્રિવિધ શાંતિ પ્રાપ્ત કરીએ."

### પ્રશ્નઉપનિષદ્

બીજા કેટલાંક મહત્ત્વનાં ઉપનિષદોની જેમ પ્રશ્નઉપનિષદ્ પણ શાંતિપાઠથી આરંભ પામે છે. ઋષિ આત્મોન્નતિની મહાન



સાધનામાં સહાયક એવા ઉત્તમ મંગળ જીવનની વાંછના કરતા કહે છે : "હે પ્રભુ! કાનથી અમે જે કલ્યાણકારક છે તે જ સાંભળીએ, આંખદ્વારા બધે તમારી લીલા ને વિશ્વરૂપનું દર્શન કરીએ; શરીરને નીરોગી ને દૃઢ કરીએ તથા તેની મદદથી તમારી પ્રસન્નતા થાય તેવાં કાર્ય કરતા રહીએ, એ રીતે મંગલતાની મૂર્તિ થઈને અમે તમારા મહાન ઉપહાર જેવા આ જીવનને ભોગવીએ. ઈંદ્ર ને બીજા રૂપે રહેલા તમે અમારું કલ્યાણ કરો. તમે નક્કી કરેલું આયુષ્ય અમે ભોગવીએ." અહીં પરમાત્મા પાસે પહોંચવાની ને તેને જાણવાની તથા જીવનદ્વારા બીજાને બને તેટલી મદદ કરવાની ભાવના પ્રગટ થઈ છે. એટલે સમાજસેવા ને આત્મશાંતિ પ્રાપ્ત કરવાની વાત થઈ છે.

### મુંડકઉપનિષદ્

મુંડક ઉપનિષદ્‌માં અંતભાગમાં જે શાંતિપાઠ આવે છે તેમાં ઈન્દ્ર, પૂષા, ગરુડ ને બૃહસ્પતિ સૌનું મંગલ કરે તેવી ભાવના સેવવામાં આવી છે. આ અંગે સમય–યુગના પરિવર્તન સાથે ફેરફાર થવાની જરૂર જણાવી મહાત્મા યોગેશ્વર એમના [૧]"ઉપનિષદ્‌નું અમૃત"નામના ગ્રંથમાં સૂચવે છે તેમ કર્મકાંડના ભાવો જમાનાને અનુકૂળ ને ઉપયોગી થવા જોઈએ. દેશે આજે સમૃદ્ધ ને સુખી થવું હોય તો ભક્તિ, જ્ઞાન ને સેવાની સાધનાની સાથે સાથે ભૌતિક રીતે પણ પ્રગતિ કરવી પડશે. વિજ્ઞાનવાદના આ યુગમાં આવી દુનિયા જ્યારે ડગલે ન પગલે ને પૂરઝડપે આગળ વધી રહી છે ત્યારે દેશને સમૃદ્ધ કરવા ખેતી, વીજળી, પાણી ને

---

૧. મહાત્મા યોગેશ્વરકૃત 'ઉપનિષદ્‌નું અમૃત' પ્રકાશ : વોરા એન્ડ કંપની, પબ્લિશર્સ, પ્રા. લિ. ૩, રાઉન્ડ બિલ્ડીંગ, કાલબાદેવી રોડ, મુંબઈ–૨. પ્રથમ આવૃત્તિ ૧૯૭૨, પૃષ્ઠ ૧૭૬–૧૭૭.

બીજી સમસ્યાઓમાં પ્રવીણ થઈને તેને હલ કરવી પડશે. નદીના વિશાળ પાણી ને વરસાદનો સદુપયોગ કરતાં ને ધરતીને વધારે ને વધારે સમૃદ્ધ કરી માનવતાને મદદરૂપ થતાં શીખવું પડશે. આધુનિક કાળના ઈન્દ્ર, વરુણ, ગરુડ (વાહન ને વિમાન) બૃહસ્પતિ (કળા, જ્ઞાનવિજ્ઞાનનો વિકાસ ને વિવેકશક્તિ) ને પૂષાદેવ (વિદ્યુત્ ને એટમશક્તિ) તે જ સૌનું કલ્યાણ કરી શકશે. ભારત ને સંસાર તેમની ઉપાસના કરે ને મદદ જરૂર મેળવે, પરંતુ પોતાના આત્માને ભૂલે નહિ. માનવતા ને પરમાત્માની આરાધના, સેવા ને નિષ્ઠાને ચૂકે નહિ એવું આપણે ઈચ્છીએ.

**માંડૂક્યોપનિષદ્**

માંડૂક્યોપનિષદ્માં બીજા કેટલાક ઉપનિષદોની જેમ જ આરંભમાં શાંતિપાઠની ભાવના વ્યક્ત કરતાં ઋષિ વર્તમાન જીવનને મંગલમય કરવા પરમાત્માની મદદ માગે છે ને કહે છે—

**स्वस्ति न इन्द्रो वृद्धश्रवाः स्वस्ति नः पूषा विश्ववेदाः ।**
**स्वस्ति नस्तार्क्ष्यो अरिष्टनेमिः स्वस्ति नो बृहस्पति दधातु ॥**
ॐ शांतिः शांतिः शांतिः ॥

ભાવાર્થ કે મહાન યશવાળા ઈન્દ્રરૂપે, સૌને જાણનાર, પૂષારૂપે, ન અટકાવી શકાય એવી ગતિવાળા તાર્ક્ષ્ય એટલે ગરુડરૂપે ને બૃહસ્પતિરૂપે જેનું વર્ણન કરવામાં આવ્યું છે તે પરમ કૃપાળુ પરમાત્મા અમારું સૌનું કલ્યાણ કરો ને અમને સર્વ પ્રકારે શાંતિ આપો.

આ અંગે મહાત્મા યોગેશ્વર વિવરણરૂપે સ્પષ્ટતા કરતાં કહે છે તેમ અહીં ઋષિ દીર્ઘજીવનની સાથે સાથે મંગલમય ને શક્તિશાળી જીવનની કામના કરે છે. જીવન ગમે તેટલું લાંબુ કે મોટું હોય પણ મંગલ ન હોય, નિર્મળ ન હોય ને તેનાથી પોતાના તેમ જ



બીજાના હિતસાધનની કોઈ જ શક્યતા ન હોય, ને એથી ઊલટું, અહં, આળસ, અજ્ઞાન ને અનાચારનો અવતાર બનીને પોતાને તેમ જ બીજાને ભારરૂપ ને નડતરરૂપ થતું હોય, તો તેનું જીવન ભાગ્યે જ કોઈને પસંદ પડે. ટૂંકું પણ સારું જીવન સદાય ઈચ્છવા જેવું છે. માણસ કેટલું જીવે છે તેના કરતાં કેવી રીતે જીવે છે તે મહત્ત્વનું છે. લાંબું જીવન જો ઉત્તમ કે સારું જ હોય તો પછી પૂછવું જ શું! તે બધી રીતે મંગલમય બની જાય છે ને શોભારૂપ થાય છે. ઋષિએ તેવા જ જીવનની અહીં કામના કરી છે.

તેવા જીવનની સિદ્ધિ માટે ઋષિ પ્રસ્તુત શાંતિપાઠના બીજા મંત્રમાં પ્રાર્થના કરે છે ને પરમાત્મા તથા દેવોના આશીર્વાદ માગે છે. ઈંદ્રિયોના સ્વામી આત્માને ઇન્દ્રનું નામ આપી શકાય. તેની કીર્તિ ચરાચરમાં બધે વિસ્તરેલી છે. મનને પૂષાદેવ કહી શકાય. તે સૌને જાણી શકે છે તે બંને આત્મા ને મન—મંગલકારક થાય એવી ભાવના કરવામાં આવી છે. બધે સંચાર કરવાની શક્તિવાળાં ચરણ ગરુડ જેવાં છે. તેમના પર જીવનની ઉન્નતિનો ઘણો આધાર રહે છે. તે સારા સ્થાનમાં જાય તો ઉન્નતિ થાય ને ખરાબ સ્થળે જાય તો પતન. તે પુરુષાર્થનાં પ્રતીક છે. તે ઉપરાંત, માણસની અંદર રહેલી પ્રજ્ઞા, બુદ્ધિ અથવા વિવેકશક્તિ તે બૃહસ્પતિ છે. જીવનનું સુકાન તે સંભાળે છે એમ કહી શકાય. તેની નિર્મળતા, સ્થિરતા, દૃઢતા ને મંગલતા પર જીવનની ઉજ્જવળતા ને સફળતાનો મોટો આધાર રહે છે. એટલે તે પણ મંગલમય બને ને જીવનની ધ્યેયપ્રાપ્તિમાં મદદરૂપ બની જીવનનું કલ્યાણ કરે એવી ઋષિએ કામના કરી છે.

(ક્રમશઃ)

એક જીવંત આધ્યાત્મિક સ્ત્રી સંત

# શ્રી ઇંદિરાદેવી

સંકલન : ઝિંઝુવાડિયા કનૈયાલાલ
મૂળ લેખક : દિલીપકુમાર રાય

(ગતાંકથી ચાલુ)

**સાધુ જમીનમાં ચોવીસ કલાક દટાઇ રહ્યો!**

તાબડતોબ નવ ફૂટ લાંબો, ચાર ફૂટ પહોળો અને નવ ફૂટ ઊંડો એવો ખાડો ખોદવામાં આવ્યો. સાધુએ કપડાંવડે પોતાના કાન બંધ કરી દીધા. પોતાની આંખો તથા નાક પોતાની આંગળીઓવડે બંધ કર્યાં. પછી અગિયાર વખત એણે કોઇ સંસ્કૃત મંત્ર ભણ્યો. ઇંદિરા ધ્યાનપૂર્વક જોઇ રહી હતી. સાધુ કંઇક મંત્ર ભણી ખાડામાં કૂદી પડયો. તેનો શ્વાસોચ્છ્વાસ ધીમે ધીમે ઓછો થતો જતો હતો, અને પછી એકદમ બંધ થઇ ગયો. હવે માટીથી ખાડો પૂરી દેવામાં આવ્યો, જમીન સરખી કરવામાં આવી, અને એના ઉપર સિમેંટની છો કરી દેવામાં આવી. પછી છોકરાને થોડા પૈસા આપ્યા, તે લઇને તે ચાલ્યો ગયો.

બીજે દિવસે સાંજે સાડા છ વાગ્યે છોકરાં પાછાં આવ્યાં. સાધુને બહાર કઢાતો જોવા માટે ઘણા મિત્રો અને ઓળખીતાઓ ભેગા થયા હતા. છો તોડી, માટી કાઢી ખાડો ખુલ્લો કરવામાં આવ્યો. સાધુના મોં પરથી કપડું ખસેડવામાં આવ્યું. જોયું તો સાધુ મરેલા જેવો પડેલો હતો. તેનાં બે બાળકોને ખાડામાં ઉતારવામાં આવ્યાં. તેઓ પોતાની સાથે લીલા રંગનું કોઇ તેલ લાવેલાં, તે તેલવડે તેમણે સાધુને માલિશ કરવા માંડયું. તેલનાં થોડાં ટીપાં તેમણે એમના કાનમાં, નાકમાં અને આંખમાં નાંખ્યાં.



થોડીવાર પછી સાધુએ આંખો ઊઘાડી. જાળવીને તેને ખાડામાંથી બહાર કાઢવામાં આવ્યો. થોડા થાક સિવાય આ પ્રયોગની એના પર કોઇ ખાસ અસર દેખાતી નહોતી. તેણે થોડું ગરમ દૂધ પીધું અને બાકીના બે પ્રયોગો બીજે દિવસે બતાવવાનું કહી એણે વિદાય લીધી.

ઇંદિરાના પતિ તેની સાથે જ મઉ આવેલા હતા. તે કહે 'પણ આ માણસ કંઇ સાધુ જેવો લાગતો નથી!'

ત્યારે ઇંદિરાએ ટકોર કરી. 'તમે તો કહેતા હતા કે દાદાયે સાધુ જેવા લાગતા નથી!'

'નથી જ. દાદા પરંપરાગત સાધુ જેવા નથી લાગતા. એ તો દેવપુરુષ જેવા લાગે છે!'

'દેવપુરુષ જેવા લાગે છે? એની તમને કેમ કરી ખબર પડી? તમે કદી દેવપુરુષ જોયો છે?'

'તેં જોયો છે?'

'ના!' ઇંદિરાએ માથું હલાવ્યું.

તો પછી દાદા દેવપુરુષ જેવા લાગે છે એ મારી વાતનો તું કેવી રીતે વિરોધ કરી શકે? દેવપુરુષ એટલે મનુષ્યરૂપે દેવ! પૃથ્વી પર જે ઉત્તમોત્તમ, ઉદાત્તમાં ઉદાત્ત આત્માઓ છે એને હું દેવપુરુષ કહું છું.

**નિરાધાર લટકતા દોરડા પર ચડી છોકરો અદૃશ્ય થઇ ગયો!**

બીજે દિવસે સાંજે છ વાગ્યે, સૂરજ આથમવાને હજી વાર હતી, એવામાં પેલો સાધુ એનાં બે બાળકોને લઇને આવી પહોંચ્યો. સાધુ શરીરે શ્યામ અને દુર્બળ હતો. જમીન પર બેસી

એણે પોતાના ગંદા લૂગડાંના થેલામાંથી ત્રીસેક ફૂટ લાંબું જાડું દોરડું કાઢયું. એ દોરડાને વીંટીને તેનો દડો બનાવ્યો. પછી એનો એક છેડો જોર કરી આકાશમાં ઊંચે ફેંક્યો, દોરડું ઉકેલાતું ગયું. થોડીવાર દોરડું હાલ્યું, પણ પછી ઉપરથી જાણે કોઇએ બાંધ્યું હોય એમ હવામાં સ્થિર લટકી રહ્યું. એનો ઉપલો છેડો આકાશમાં સ્પષ્ટ જોઇ શકાતો હતો. પછી સાધુએ પેલા છોકરાને દોરડા પર ચડી જવાનું કહ્યું. જાણે તાડના ઝાડ પર ચડતો હોય એમ છોકરો એ દોરડા પર ચડવા માંડયો. એ ઉપર ચડતો દેખાતો હતો. ત્યાં તો કેવી નવાઇની વાત! એના શરીર પરનાં કપડાં નીચે જમીન પર પડવા માંડયાં! પણ એ પોતે તો હાથ અને પગવડે દોરડાને વળગી રહ્યો હતો!

સાધુએ બૂમ મારી 'રામ મજામાં છે ને?'

'બહુ મજામાં બાબા!' છોકરાએ જવાબ આપ્યો.

'પાછા આવવું છે?'

'ના, બાબા! મારે હજી અદ્ધર ચડવું છે!'

બધા જોઇ રહ્યા હતા, અને એમની આંખો આગળ જ છોકરો ઝડપથી અદૃશ્ય થવા માંડયો. છેવટે એ દેખાતો બંધ થયો, અને આકાશમાં માત્ર દોરડું જ ઊભેલું લટકતું રહ્યું. 'રામ તું ક્યાં છે?' સાધુએ ફરી બૂમ પાડી. થોડે દૂરથી છોકરાનો જવાબ આવ્યો. 'અહીં ધરતી પર છું.'

હવે સાધુએ દોરડું નીચે ખેંચી લીધું, અને તેને દડાની પેઠે વીંટવા માંડયું. ત્યાં તો ફરી નવાઇની વાત બની. તેની એકદમ પડખેથી જ રામનો અવાજ સંભળાયો. 'લાવો બાબા, હું જ વીંટી કાઢું.'



"ન મળે સેટીંગ, ન લાઇટ, ન સ્ટેજ, ન પડદો. કશું જ નહિ. માત્ર એક ગરીબ સાધુ ફાટેલાં કપડાવાળાં ખુલ્લામાં બેઠો છે, અને આ પ્રયોગ દેખાડી રહ્યો છે. લગભગ પચાસ માણસો એ જોઇ રહ્યા છે.

છોકરાને સાધુએ ખૂબ થાબડયો.

હવે છોકરી આગળ આવી. એનાં કપડાંયે એવાં જ મેલાં ને ફાટેલાં હતાં. માથાના વાળ એણે ચીંથરાથી બાંધ્યા હતા. સાધુ એને લઇને પ્રેક્ષકોની વચમાં આવ્યો. હવે સાધુ અને પ્રેક્ષકોની વચ્ચે દશ ફૂટથી વધારે અંતર ન હોતું.

**પાંચ ફૂટ અદ્ધર હવામાં વગર ટેકે સૂતેલી છોકરી!**

પછી સાધુએ પોતાના થેલામાંથી એક લાંબી લાઠી કાઢી, અને છોકરીની પાછળ તે ઊભી કરી. પછી તેણે છોકરીનું કપાળ પોતાની આંગળીઓ વડે દાબવા માંડયું અને એના શરીર પર પોતાનો હાથ ફેરવવા માંડયો. આ દરમ્યાન સાધુ કાંઇ મંત્ર બોલતા હતો. દશેક મિનિટ પછી તેણે એક હાથે લાઠીનો છેડો છોકરીની પીઠીમાં અડાડયો, અને બીજા હાથે છોકરીને ઊંચી કરી. છોકરી લાઠીના છેડા પર ઊંચકાઇ ગઇ! હવે જમીનથી તે પાંચેક ફૂટ ઊંચે હતી. સાધુ ફરી થોડા મંત્ર બોલ્યો અને પછી એણે છોકરીની નીચે ટેકવી રાખેલી લાકડી ખેંચી લીધી! હવે છોકરી કોઇ પણ જાતના આધાર વગર હવામાં ચત્તીપાટ સૂતી હતી! કશાના આધારે તો એ નથી રહીને! એ જોવા ઇંદિરાના પતિને એની પરીક્ષા કરી જોવાનું મન થયું. સાધુએ કહ્યું, 'ખુશીથી પરીક્ષા કરી જુઓ! પણ છોકરીને અડકતા નહિ, સાહેબ! તમે તેની નીચે તમારો હાથ લાંબો કરીને, હવામાં હાથ વીંઝીને ઇચ્છા

થાય ત્યાંસુધી ખાત્રી કરી શકો છો! 'ઇંદિરાના પતિએ એ પ્રમાણે ચારે તરફથી પરીક્ષા કરી જોઇ; બીજા બે માણસો પણ એ પરીક્ષામાં જોડાયા. પણ એમાં કાંઇ છેતરપિંડી કે ચાલાકી જેવું દેખાયું નહિ.

આ પ્રમાણે છોકરી સાત મિનિટ સુધી હવામાં અદ્ધર રહી. પછી સાધુએ એને ઊંચકી લીધી, અને હળવેકથી લોન પર સુવાડી દીધી. છોકરી ખૂબ જ થાકી ગયેલી લાગતી હતી.

સાધુએ એને થોડું દૂધ પાયું. પછી હસીને એણે સૌની વિદાય લીધી.

એ પછી એ કદી દેખાયો નથી. કહે છે કે એ જંગલનો આદિવાસી ભીલ હતો. અને જંગલમાં પોતાના ઝૂંપડામાં એ જતો રહ્યો હતો.

### પાસા પડી ચૂક્યા હતા!

દાદાની બીજી મુલાકાત પછી, ઇંદિરાએ એમને કેટલાયે પત્ર લખી પોતાને અંધારે અટવાતી બચાવવા વિનંતી કરી હતી. પરંતુ દરેક પત્રના જવાબમાં દાદાએ વિનંતીનો અસ્વીકાર કરી લખ્યું હતું "મારા ગુરુ શ્રી અરવિંદનું શરણ લે!' તેમણે ઇંદિરાને પૉંડિચરી આશ્રમમાં આવવાની સલાહ આપી, પણ ઇંદિરાને તે ગમ્યું નહિ. આશ્રમ કેવો હોય અને ભક્તો કેવી રીતે રહે છે એ વિષે એને કંઇ જ જાણકારી ન હતી.

એ તો એવું સમજતી કે એ તપસ્યા કરવાનો મઠ હશે, અને બધા હાથમાં માળા લઇને, ધરતીમાં આંખો પોરવીને, અને ભારે મોં કરીને ફરતા હશે! ત્યાં નહિ હશે હસવાનું, નહિ હશે હરવા-ફરવાનું કે નહિ હશે કશું કામ. બસ આખો વખત માળા ફેરવ્યા



કરો, ને ધર્મગ્રંથો વાંચ્યા કરો. અને સ્ત્રીઓને તો ત્યાં જુદા જ વાડામાં ગોંધી રાખતા હશે! કદાચ મનોહર પ્રભાત કે સાગર પર આથમતા સૂરજનેયે જોવાની ત્યાં મનાઇ હશે!

### અદૃશ્ય શક્તિએ ખેલેલો દાવ!

ઇંદિરા ઘણી પ્રવૃત્તિમાં રોકાયેલી રહેતી હતી. તેથી પણ આશ્રમ જવાની વાતને ઠેલ્યા કરતી હતી. પરંતુ તેના દરેક પત્રનો દાદા એક જ પ્રત્યુત્તર આપતા, 'હું તો કેવળ એક સાધક છું, માટે તું શ્રી અરવિંદનું શરણ લે!'

પૉંડિચેરી આશ્રશ્રમમાં શ્રી અરવિંદ વરસમાં માત્ર ચાર વખત 'દર્શન' આપતા. ૧૯૪૯ ના ફેબ્રુઆરીની ૧૮ મી તારીખ હતી. ૨૧ મી તારીખે માતાજીનો (મા મીરા) જન્મદિન હતો. વાળુ કરીને ઊઠયાં પછી ઇંદિરાએ વાતવાતમાં ઘરનાંને વાત કરી. ઉત્સાહમાં ને ઉત્સાહમાં તેનાથી બોલાઇ જવાયું કે "જો મારો પ્રેમલ (તે વખતે માત્ર એક વર્ષનો જ હતો) માંદો ન હોત તો હું અત્યારે પૉંડિચેરીમાં હોત!

આ સાંભળી બધાંને જોરથી હસવું આવ્યું. તેના પતિએ કહ્યું, 'આશ્રમ કંઇ ફાઇવસ્ટાર હોટેલ નથી, ઇંદિરા! ત્યાં કોઇ તારી ખાતર બરદાસ્ત કરનારું, તારો પડયો બોલ ઉપાડી લેનારું, તારી સેવામાં હાજર નહિ હોય! માટે આશ્રમની વાત છોડી બીજું કંઇ કામ કર!'

ત્યાં તો ઇંદિરાનો દિયર બોલી ઊઠયો. 'સવારે ઊઠતાં જ તમારે વહેલી ચા જોઇએ છે. ત્યાં તમને એ કોણ બનાવી આપશે, ભાભી? તમને માથું કોણ ચોળી આપશે? કપડાં કોણ કાઢી આપશે?'

ઇંદિરાની દેરાણી બોલી ઊઠી. 'તમે આશ્રમમાં જશો? ત્યાં તમારે બધાંને પગે લાગવું પડશે, અને હા મહારાજ! હા માતાજી! કરતાં રહેવું પડશે! હું તો સ્વપ્નેય કલ્પી નથી શકતી કે તમે ત્યાં જાઓ!'

'ચેલેંજ આપીને કહો છો?' ઇંદિરાએ પૂછ્યું. 'હા ચેલેંજ!' એના દિયેરે કહ્યું. 'જો તમે તમારી મેળે એકલાં આશ્રમમાં જાઓ અને ત્યાં સાત દિવસ રહો, તો હું તમને પાંચસો રૂપિયા આપું!'

ઇંદિરાયે આ પડકાર સ્વીકારી લીધો. એને ખ્યાલ નથી કે આમ કરીને પોતે ભારે મોટી બાજી રમી રહી છે. મારું જીવન, મારી વિચારસરણિ અને મારા સમગ્ર અસ્તિત્વને એકસાથે હું હોડમાં મૂકી રહી છું. એનો દિયર આ ચેલેંજ નહોતો આપતો, પણ એનો વિધાતાપુરુષ આપતો હતો. આ દાવનું માત્ર એક જ પરિણામ હતું. જીતવા માટે માણસે બધું જ ખોવાનું હતું! એણે બધું જ દઇ દેવાનું હતું, દઇને હારવાનું હતું અને હારમાં જીતનો આનંદ માણસવાનો હતો. બસ, એક જ મંત્ર એણે શીખવાનો હતો. 'આ જીવન આપવા માટે છે, આપવા માટે છે, આપવા માટે છે.'

બીજી સવારે ઇંદિરા ઊઠી, એણે ગાડી કાઢી, અને માત્ર એક નાની શી બેગ લઇને એકલી નાગપુર તરફ હંકારી ગઇ. નાગપુરથી મદ્રાસ જતા પ્લેનમાં છેક છેલ્લી ઘડીએ એક બેઠક ખાલી પડી અને અગાઉથી રીઝર્વેશન ન કરાવેલ હોવા છતાં એને જગા મળી ગઇ. મદ્રાસથી એ પ્લેનમાં ઊતરી કે તરત પહેલી જ જે માણસ પર એની નજર પડી તે હતા દાદા! લોકોની સાથે વાતો કરતા તે ઊભા હતા. કોઇ પોતાનો દાવ બરાબર ખેલી રહ્યું હતું! નાગપુર છોડયા પછી ઇંદિરાના મનમાં ખડકો પેદા થયો હતો, અને એક દિવસ મદ્રાસની મોટી હોટલમાં રોકાઇ પૉંડિચેરી



તાર કરી પોતાના આવવાની ખબર આપી આગળ પ્રવાસ કરવાની તેની ગણત્રી હતી. પણ એના પાસા પડી ચૂક્યા હતા.

દાદા એને પોતાની સાથે પૉંડિચેરી લઇ ગયા, અને માતાજીના જન્મદિને ફેબ્રુઆરીની ૨૧ મીએ એણે પહેલીવાર શ્રી અરવિંદ અને માતાજીનાં દર્શન કર્યાં. એણે પોતાને બહુ ભાગ્યશાળી માની, અને અંતરમાં સુખની લાગણી અનુભવી.

પછી, દરિયાકિનારે આવેલા દાદાના સુંદર ફ્લેટમાં તેઓ પહોંચ્યાં, કે તરત દાદાએ ઇંદિરાને અને પોતાના બીજા મહેમાનોને થોડો વખત ધ્યાનમાં બેસવાનું કહ્યું, જેથી ગુરુએ દર્શનદ્વારા આવેલા આશીર્વાદની અસર ખાલી વાતમાં વેડફાઇ ન જાય!

('અનંતનાં યાત્રીઓ'માંથી)

સાધનાની બહુ જ જરૂર છે. પરંતુ કઠિન સાધના ન હોય તોપણ ઈશ્વરપ્રાપ્તિ થાય. જો દૃઢ શ્રદ્ધા હોય તો સાધનામાં બહુ મહેનત ન પડે. **રામકૃષ્ણ પરમહંસ**

ઓ. : ૨૩૫૯૮ ફે. : ૮૨૪૩૭
૩૪૦૧૬ ઘ. : ૪૧૪૩૧
ખેતીની સિંચાઇ માટે વિશ્વસનીય એન્જીન
"સત્યવાન" તથા "ચંદન"
૬, ૮ તથા ૧૦ હો. પા.
-: બનાવનાર :-
**કનેરીયા એન્જીનીયરીંગ વર્ક્સ**
ઢેબર રોડ, રાજકોટ–૩૬૦૦૦૨

# પ્રસંગ

સંકલન : મણિભાઈ શાહ

એકવાર બ્રહ્માનંદ સ્વામી અને મુક્તાનંદ સ્વામીનું મંડળ એક ગામમાં ભેગા થઇ ગયા અને બંને ગામની ધર્મશાળામાં ઊતર્યાં. બધા આરામ કરતા બેઠા બેઠા વાતો કરતા હતા ત્યાં મુક્તાનંદ સ્વામી કહે, 'સાધુઓ, જાઓ રામઝોળી (ભિક્ષા) માગી આવો.'

ત્યાં બ્રહ્માનંદ સ્વામી કહે, 'મહારાજે તો કહ્યું છે કે મારું ધ્યાન ધરે તેને તો હું લાડવા ખવડાવું એટલે આજ આપણે ભિક્ષા માટે નથી જવું. આપણે કથાવાર્તા કરો. જોઇએ છીએ કે મહારાજ લાડવા આપે છે કે નહિ.

પછી બધા કથાવાર્તા કરવા મંડયા. થોડીવારે કોઇએ બારણું ખખડાવ્યું. ખોલ્યું તો બેત્રણ બ્રાહ્મણો દાખલ થયા ને કહે, 'ગામના શાહુકારે બ્રહ્મભોજન કરાવ્યું છે ને તમારે માટે લાડવા, દાળ, શાકભાત વગેરે મોકલ્યું છે તો જમવા બેસી જાઓ. બધાયે પેટ ભરીને ભોજન કર્યું અને મોડેથી જ્યારે ત્યાંથી ચાલી નિસર્યાં તો ગામ વચ્ચેથી ચાલ્યા ને બ્રહ્માનંદ સ્વામીએ પૂછ્યું, 'કયા શેઠે બ્રહ્મભોજન કરાવ્યું?'

ત્યારે એક વેપારી કહે, 'બ્રહ્મભોજન કરાવે એવો તો આ ગામમાં કોઇ નથી.'

ત્યારે બ્રહ્માનંદ સ્વામી કહે, 'શ્રીજી મહારાજ આપણને જમાડી ગયા.'



## વિચારકણિકા

નદીનું પાણી સૌનું છે પણ મારા માટલાનું પાણી મારું છે. જંગલમાં ફૂલ ઉપર મારો માલિકી હક્ક નથી પણ મારી ફૂલદાનીનું ફૂલ મારું છે. મારી જાત એ માટલું અથવા ફૂલદાની છે.

પણ એની ઉપર પોતાની માલિકી ક્ષણિક અને આંશિક છે. માટલાનું પાણી સૂકાઇ જાય છે અને ફૂલદાનીનું ફૂલ પણ કરમાઇ જાય છે. પણ તરસ્યાને પાણીનું દાન અને પૂજામાં પુષ્પોનું અર્પણ એ કાળ કે સંખ્યાની ગણત્રીથી નથી માપી શકાતા. તેથી મનુષ્યજાતનું ધ્યેય ત્યારે જ પૂર્ણતા હાંસલ કરે છે કે જ્યારે તે અનંતની સેવામાં પોતાનું સર્વસ્વ સમર્પણ કરે છે. શ્રી રવીન્દ્રનાથ ઠાકુર

## સુવાક્ય

સાધક બીજું કાંઇ ન કરે પરંતુ એ પ્રભુના નામના જપનો આધાર શ્રદ્ધાપૂર્વક લે તોપણ એનું કામ અવશ્ય સિદ્ધ થાય. યોગેશ્વરજી

ઇલેક્ટ્રીક મોટર, સબમર્સીબલ, ઓઇલ એન્જીન મશીન
તથા ખેતીવાડીને લગતા ઓજારો તથા તેના
સ્પેરપાર્ટસના છૂટક તથા જથ્થાબંધ વેપારી
**સૌજન્ય : પૂજા એક્સપોર્ટસ**
*** જયંતીલાલ મોહનલાલ દઢાણીયા ***
ખેતીવાડી એન્ડ ડીઝલ સ્પેર્સ,
એસ. ટી. સ્ટેન્ડ પાસે, ચીખલી.
જિલ્લો : વલસાડ, પીનકોડ : ૩૯૬૫૨૧ (ગુજરાત)
ફોન નં. : ૨૩૫૯, ૨૪૫૯, ૨૫૫૯
ફેક્સ : (૦૯૧) ૦૨૬૩૫૩–૨૪૫૯/૨૦૬૭

## * કોઈ મારગ તો બતાવો ! *

ઉત્તર, દખ્ખણ,
પૂરવ, પશ્ચિમ,
ક્યાં જાવું તે જણાવો !
મારગ મને બતાવો !
સંશય પંખીના ફફડાટે
મધરાતી એકલતા તૂટે
ભયભીત અંતરને અવ શાને
ક્ષણ ક્ષણ રે અકળાવો ?
મારગ મને બતાવો !
ચોરે ચૌટે હું અણજાણ
આવ્યું કયી ગમ શ્રેયનું સ્થાન ?
અહીં લગી લાવ્યા મુજને તો પછી
તમે જ હવે લઈ જાવો !
મારગ મને બતાવો !
દલ અંધારનાં ઘેરી ઊભાં
જુવે તમાસો સઘળાં મૂંગા
ચીબરી ચાડી ખાતી બોલે
મળશે ફરી ન લ્હાવો !
મારગ મને બતાવો !

— પરમાર્થી



# રામકથા

(ગતાંકથી ચાલુ) યોગેશ્વરજી

(શ્રી યોગેશ્વરજીની સિદ્ધ કલમે આલેખાયેલ રામકથા)

'કેમ નહિ ઊગે ?' હનુમાને સામેથી પૂછ્યું : 'એવો ધન્ય દિવસ જરૂર ઊગશે. એ દિવસ તમારે માટે જીવનની પરમ ધન્યતાનો આસ્વાદ આપનારો હશે જ, પરંતુ અમારે માટે પણ જીવનની પરમ ધન્યતાનો આસ્વાદ આપનારો હશે જ, પરંતુ અમારે માટે પણ જીવનની ધન્યતાનો આનંદ આપનારો સાબિત થશે. અમારો પરિશ્રમ પણ ત્યારે સફળ થશે. તમને તથા રામને ફરીવાર મળેલાં જોઈને અમારા સુખનો, સંતોષનો અને આનંદનો પાર નહિ રહે. અમારાં લોચન ધન્ય બનશે ને શરીરધારણ સફળ થશે. હવે એ ધન્ય દિવસને ઊગવાને વધારે વાર તો નથી જ. જે પળો પસાર થાય છે તે એ ધન્ય દિવસને પાસે ને પાસે લાવતી જાય છે.'

'તમારી આશા ને શ્રદ્ધા સાચી ઠરે એવું ઇચ્છું છું. બાકી અત્યારે તો કોઈ કોઈવાર એવું થાય છે કે, આવા જીવન કરતાં તો મરણ હજાર દરજ્જે સારું. રામ વિનાનું જીવન મરણ કરતાં જરા પણ સારું નથી લાગતું.'

હનુમાને સીતાને અનેક પ્રકારે આશ્વાસન આપ્યું. એથી સીતાનું મન થોડુંક સ્વસ્થ થયું. એથી સંતોષ પામીને હનુમાને કહેવા માંડયું : 'હું બીજો કોઈ જ નથી પરંતુ રામનો દૂત છું અને રામની પાસેથી જ આવું છું. એની વિશેષ ખાતરી કરાવવા માટે તમારી આગળ એક વસ્તુને રજૂ કરું છું. રામની પાસેથી મેં

એ વસ્તુ ખાસ તમારે માટે જ, તમને મારી પ્રામાણિકતાની પ્રતીતિ કરાવવા માટે જ, માગી લીધેલી. રામે તે સહર્ષ સમર્પિત કરેલી. બીજું કોઇ એને ન ઓળખી શકે પરંતુ તમે તો ઓળખશો જ. રામે એ પોતાની સ્મૃતિરૂપે મોકલી છે.'

હનુમાને રામે આપેલી મુદ્રિકા સીતાની આગળ રજૂ કરી.

એને ઓળખતાં સીતાને વાર ન લાગી.

એ મણિજડિત મુદ્રિકાને દૂરથી જોતાં જ એ ઓળખી ગઇ.

એને નિહાળીને એને આનંદ થયો.

મુદ્રિકા કેટલી બધી આકર્ષક અને સુંદર હતી! એ મુદ્રિકાને એણે પોતે જ રામની આંગળીએ પહેરાવેલી.

એ આખો ય પ્રસંગ એની આંખ આગળ હાજર થયો.

એને રોમાંચ થયો.

મુદ્રિકાને એણે આંસુથી ભીંજવી અને આંખે લગાડી.

'આ મુદ્રિકા રામની જ છે.' એણે કહ્યું : 'એમાં સહેજ પણ શંકા નથી. એ મને ઘણી જ પ્રિય હતી. એ જાણીને જ રામે એને મોકલી લાગે છે. રામનું જે કાંઇ છે તે બધું જ મારે મન મધુર અને આનંદમય છે. મુદ્રિકા, રામના સુકોમળ કરની અમીમયી અંગુલિ પર વિરાજતી ત્યારે તું કેટલી બધી આકર્ષક લાગતી? મારી પેઠે તારે પણ હૃદયાભિરામ, રસસ્વરૂપ રામથી અલગ થવું પડયું. એના શોકથી કદાચ તું સંતપ્ત હશે. પરંતુ મારા શોકસંતપ્ત અંતરને માટે તો તું શાંતિદાયક જ સાબિત થઇ છે. મને તો તને મળીને પ્રસન્નતા જ પ્રાપ્ત થઇ છે. હનુમાન, તમે રામનો સંદેશ લઇને મારી પાસે આવી પહોંચ્યા તે માટે તમારી આભારી છું. તમને અંતરના અનેકાનેક અભિનંદન આપું છું. હવે મને આશા



બંધાય છે કે, રામ તમારે પગલે પગલે ચાલીને મારો ઉદ્ધાર કરવા આવી પહોંચશે. રામ અવશ્ય આવી પહોંચશે.'

હનુમાન બોલ્યા : 'પરંતુ માતા, મારી એક માગણી છે. જેવી રીતે મેં તમને આ મુદ્રિકા આપી એવી રીતે તમે પણ મને તમારી કોઇ નિશાની આપો જેને જોઇને રામને ખાતરી થાય કે, મને તમારો મેળાપ સાચેસાચ થઇ ચૂક્યો છે. એમને મારા વચનમાં વિશ્વાસ હોવાથી એ શંકા નહિ કરે તો પણ એવી કોઇ નિશાની આપો તો મારા શ્રમને સફળ લેખીશ.'

સીતાએ થોડોક વિચાર કરીને પોતાના હાથની સુવર્ણમય ચૂડી કાઢી આપી.

હનુમાને એને ગ્રહણ કરીને આનંદ માન્યો.

'સીતાએ કરુણાભર્યા સ્વરે કહ્યું : 'રામને કહેજો કે સીતા ભયંકર દુઃખમાં જીવી રહી છે. એને ઉગારવાની ઔષધિ તમારા હાથમાં છે. પરંતુ હનુમાન, મને એક શંકા થઇ. આટલા મોટા ભયંકર સાગરને પાર કરીને તમે કેવી રીતે આવી શક્યા?'

'રામની કૃપાથી.'

'રામની કૃપાથી?'

'હા. એમની કૃપા વિના કશું થાય છે? હું એને એમની કૃપા જ માનું છું. એમની કૃપાથી સંસારરૂપી ઘોર સાગરને પણ સહેલાઇથી પાર કરી શકાય તો પછી આવા સાગરને પાર કરવામાં શું મુશ્કેલી પડે છે? એમણે મને આપેલા આશીર્વાદને લીધે હું મારા કઠિન લાગતા કામમાં સફળ થઇ શક્યો છું. એ આશીર્વાદે મારી પગલે અને પગલે રક્ષા કરી છે. એણે જ મને રસ્તો બતાવ્યો છે, અને મારા માર્ગમાં આવેલાં ભયસ્થાનોમાંથી મને ઉગારી લીધો છે.'

'રાવણ આજ ભૂમિમાં રહે છે તેની ખબર તમને કેવી રીતે પડી?'

'એની માહિતી મને સંપાતિ પાસેથી મળી. સમુદ્ર તટ પરની ગુફામાં રહેનારો સંપાતિ જટાયુનો ભાઇ થાય છે. જટાયુ સાથે થયેલી રામની મૈત્રીની તથા જટાયુના મૃત્યુની વાત સાંભળીને એ ગુફામાંથી બહાર આવ્યો અને અમારી સાથે વાતે વળગ્યો. એણે અમને રામના સેવક સમજી અમને બનતી બધી રીતે મદદરૂપ થવાની તૈયારી બતાવી. એણે અમારા ઉપર અનુગ્રહ કરીને પોતાની દૈવીદૃષ્ટિથી કહ્યું કે, સમુદ્ર પાર ત્રિકૂટ પર્વતની તળેટીમાં રાવણની લંકા નામની નગરી છે. રાવણ એ નગરીમાં જ સીતાને લઇ ગયો છે. અમારામાંથી સમુદ્રને પાર કરવાની હિંમત કોઇનામાં ન હતી. પરંતુ મને મળેલી અસાધારણ લોકોત્તર શક્તિની મદદથી મેં સાગરને પાર કરવાની તૈયારી કરી. આકાશમાર્ગે ઊડીને સાગર પાર કરવાની મારી શક્તિને મેં રામનું સ્મરણ કરીને તથા એમના સુખકારક શાંતિદાયક સ્વરૂપને હૃદયમાં રાખીને આધાર લીધો, પરંતુ એમાં યે મુસીબત તો આવી જ.'

'કેવી મુસીબત?'

પ્રત્યેક સારા અને મોટા કામમાં મુસીબત તો આવે જ છે, પરંતુ તેની પાછળનો હેતુ શુભ હોય છે તો તે મુસીબત દૂર થાય છે એ પણ હકીકત છે. સાગરમાં સુરસા નામની એક રાક્ષસી રહેતી. તે પાણીમાં પડતા પડછાયા પરથી ઉપર ઉડનારા જીવોને પકડતી અને ખાઇ જતી. મને પકડવાનો પ્રયત્ન પણ એણે કરી જોયો. એની ઇચ્છાની વિરુદ્ધ જઇને સાગર પરથી પસાર થવાનું અથવા આગળ વધવાનું ખરેખર મુશ્કેલ હતું.'



'એ મુસીબત તો ઘણી મોટી કહેવાય. પરંતુ પછી? પછી એનો પ્રતિકાર કેવી રીતે કરી શકાયો?'

'એમાં પણ રામના શુભાશિષે જ મદદ કરી. મારે તમારા દર્શનનો દેવદુર્લભ લાભ મેળવવાનો હશે તથા રામે સુપ્રત કરેલા કાર્યમાં યશસ્વી થવાનું હશે એટલે એ મને હેરાન ન કરી શકી. મારા માર્ગની વચ્ચે આવીને એણે મને પકડવા માટે હાથ ફેલાવ્યો તથા પોતાના રૂપને વિશાળ કર્યું. મેં એથી ય વધારે વિશાળ રૂપ ધારણ કર્યું તો એ ક્રોધે ભરાઇને, એથી પણ વિશાળ બની. મને થયું કે, હવે શું કરવું? આ ક્રૂર રાક્ષસી આગળ એકલા બળનો પ્રયોગ નહિ ચાલે. તેમાં વખત લાગશે અને રામના કામમાં વિઘ્ન આવશે. આની સામે તો બુદ્ધિનો પ્રયોગ કરવો જ બરાબર છે. એવું વિચારીને, એ રાક્ષસી પોતાના ભયંકર વિશાળ મુખને ફાડીને મારા તરફ દોડી એટલે તરત જ મેં એકદમ નાનું રૂપ ધારણ કરીને એના મુખમાં પ્રવેશ કર્યો તથા બીજી જ ક્ષણે બહાર નીકળીને એને પ્રણામ કરીને કહ્યું કે, તારી અનુમતિથી જ હું આગળ વધું છું. એ જોઇને એણે પ્રસન્ન થઇને મને આશીર્વાદ આપ્યો અને મારો માર્ગ મૂકી દીધો, એટલે હું આગળ વધ્યો.'

સીતાએ સંતોષ સાથે જણાવ્યું : 'આ ઘટના તો ઘણી જ વિચિત્ર લાગે તેવી, આનંદજનક, પ્રેરક અને રોમાંચક છે, એના પરથી પુરવાર થાય છે કે, તમે કેવળ શરીરબળથી જ સંપન્ન નથી, પરંતુ અસાધારણ બુદ્ધિબળ પણ ધરાવો છો. રાક્ષસો સાથે કામ લેવામાં શરીરબળ તો જોઇએ જ, પરંતુ વધુમાં કોઇવાર બુદ્ધિબળની આવશ્યકતા પણ પડતી હોય છે. તમારે બદલે બીજું કોઇ હોત તો એ રાક્ષસી સાથે લડી જ પડત. તમે એને બુદ્ધિ અથવા યુક્તિથી વશ કરી એ તમારી વિશેષતા બતાવે છે. એ વિશેષતા માટે તમને અભિનંદન આપું છું. મારા તમને અંતરના

આશીર્વાદ છે કે, તમે તમારાં આગળનાં સઘળાં કામોમાં સફળ બનો.'

હનુમાને પ્રણામ કરીને કહ્યું : 'માતા, તમારા આશીર્વાદનું મૂલ્ય મારે મન ઘણું મોટું છે. તમે ધારો છો તે કરતાં પણ ઘણું મોટું એ આશીર્વાદમાં મારે માટે સર્વ કાંઈ સમાયેલું છે. રામના આશીર્વાદથી મારો તમને મળવાનો મનોરથ સફળ થઈ શક્યો તેવી રીતે તમારા આશીર્વાદથી મારા હવે પછીના મહત્ત્વના કામમાં સફળતા મેળવી શકીશ. રામે મારા પર અમુલખ અનુગ્રહ કરીને મને પોતાની સેવા માટે પસંદ ન કર્યો હોત તો તમારા દૈવી દર્શનનો આનંદ મને ક્યાંથી મળી શકત? દુઃખની વાત એટલી જ છે કે, તમે અત્યારે બંધનમાં છો, પરવશ છો, ને દુઃખી છો. પરંતુ એ બંધન, પરવશતા તથા દુઃખનો હવે સ્વલ્પ સમયમાં જ અંત આવશે.'

સીતા થોડીવાર શાંત રહી ને પછી બોલી : 'સુગ્રીવની સેના રાવણને જીતી શકશે? તમારું સામર્થ્ય ઘણું વધારે છે, સુગ્રીવનું તથા સેનાના બીજા યોદ્ધાઓનું સામર્થ્ય પણ અસાધારણ હશે તેની શંકા નહિ, પરંતુ રાવણ પણ ખૂબ જ પરાક્રમી છે. એને જીતવાનું કામ ધાર્યા જેટલું સહેલું તો નથી જ.'

'છતાં પણ એને જીતી શકાશે. રામની કૃપાથી બધું જ થઈ શકશે. મારા જેવા અને મારા કરતાં બળવાન બીજા કેટલાક યોદ્ધાઓ સુગ્રીવની સેનામાં એકઠા થયા છે. એ સૌ સાથે મળીને રાવણને ધૂળ ચાટતો કરી દેશે અને લંકાનો નાશ કરશે. ઈચ્છાનુસાર રૂપ ધારણ કરનારા એ પ્રતાપી યોદ્ધાઓમાંનો હું તો એક છું. માટે તમે સર્વ પ્રકારે નિર્ભય કે નિશ્ચિંત બનો.'

(ક્રમશઃ)

## ત્યાગ અને કર્મદ્વારા મેળવવાની વસ્તુ એક જ છે

ત્યાગ અને કર્મદ્વારા મેળવવાની વસ્તુ એક જ છે. તે વસ્તુની પ્રાપ્તિ માટે જ માણસે પ્રયાસ કરવો ને ત્યાગના મિથ્યા મોહ તથા કર્મના ક્લેશમાંથી મુક્ત થવું એમ તે શીખવે છે. કર્મ ને ત્યાગ બંનેનું જો યોગ્ય રીતે પાલન થાય તો તે માણસને શાંતિ ને મુક્તિ આપવા સમર્થ છે ને સંસારની સમૃદ્ધિ માટે કર્મ ને ત્યાગ બંનેની જરૂર છે એવો તેનો અભિપ્રાય છે. કર્મ કરવા છતાં પણ કેવી રીતે અકર્તા રહી શકાય ને કર્મના બંધનમાં ન બંધાવાય તેનું રહસ્ય બતાવીને તે માણસને નિર્ભય બનાવે છે ને કર્મ કરતાં કરતાં પણ જનકની જેમ સિદ્ધિ મેળવવાનો માર્ગ બતાવી આપે છે. એટલે ગીતાની દૃષ્ટિએ ત્યાગ મોટો કે કર્મ મોટું એ પ્રશ્ન જ નથી. બંને પોતપોતાની રીતે મોટાં છે ને માણસને શાંતિ આપી શકે છે. બાહ્ય ત્યાગ કરીને પણ માણસે આંતરિક ત્યાગ માટે પુરુષાર્થ તો કરવો જ જોઈએ. તે વિના પ્રમાદી બનીને બેસી રહેવાથી કે બાહ્યત્યાગના મિથ્યા અહંકારમાં અટવાઈ જવાથી કોઈ જ લાભ નહિ થાય. માણસે ઈશ્વર જે પરિસ્થિતિમાં મૂકે તેમાં પ્રસન્નપણે રહીને જીવનની ઉન્નતિ માટે આશીર્વાદરૂપ અંદરના ત્યાગનો આધાર લેવો જોઈએ અને અહંકારથી મુક્ત થઈને કર્મ ને કર્મનો ત્યાગ, ભોગ ને યોગ ને વ્યવહાર ને સંન્યાસના બાહ્ય ભેદભાવમાંથી છૂટી જવું જોઈએ, એવો ગીતાનો અભિપ્રાય છે.

યોગેશ્વરજી

ADHYATMA Regd. No. GBV 113

# માણસે સૌપ્રથમ પોતાના ઉદ્ધાર માટે તૈયાર થવાનું છે

માણસ પોતે જ જ્યાંસુધી અધૂરો છે ત્યાંસુધી તે બીજાને કેવી રીતે પૂર્ણ કરી શકે? બીજાની સેવા સારી રીતે થઇ શકે તે માટે માણસે પોતાની વ્યક્તિગત સેવા પણ કરવી જોઈએ. એટલે કે તેણે વિશુદ્ધ, વિવેકી તથા ઈશ્વરપરાયણ બનવું જોઈએ, ને મન તથા ઈન્દ્રિયોની ગુલામીમાંથી છૂટી જઇને ઈશ્વરદર્શનનો આનંદ લેવો જોઈએ. આ ખૂબ જ જરૂરી છે. જેણે સમાજની સેવા કરવી છે તે પોતાની જાતની સેવાનો ઈનકાર કે અનાદર કરી શકે નહિ. જેમ રથના પૈડાનો અનાદર રથને ચલાવવામાં મદદરૂપ નહિ પણ વિઘ્નરૂપ થઇ પડે છે તેમ માણસ પોતે સમાજના વિશાળ રથનું પૈડું છે. એવાં કેટલાંય પૈડાંના સહકારથી સમાજનો રથ ચાલ્યા કરે છે. તે રથનું વ્યક્તિરૂપી પૈડું જો અટકી જાય કે બગડી જાય તો રથની શક્તિમાં ખામી આવવાની. દરેક માણસે આ સમજી જવાની જરૂર છે ને સમાજને શક્તિશાળી કે સમૃદ્ધ બનાવવા સૌથી પ્રથમ પોતે જ શક્તિશાળી ને સમૃદ્ધ બનવાનું છે. બીજાના ઉદ્ધાર માટે તૈયાર થતાં પહેલાં પોતાના ઉદ્ધાર માટે પણ તૈયાર થવાનું છે.

યોગેશ્વરજી

પ્રાપ્તિસ્થાનઃ—પ્લોટ નં. ૧૯૮૮ બી. સરદારનગર, ભાવનગર—૧.